
# અધ્યાત્મ




Yogesh Lad

વર્ષ : ૨૩ ઓક્ટોબર : ૨૦૦૧ અંક : ૧

## * ચિત્તનો એકમાત્ર આધાર–અસ્મિતા *

ચિત્તનો મૂળ અને એકમાત્ર આધાર શું છે? અસ્મિતા–હુંપણાનો ભાવ અથવા તો અહંવૃત્તિ. તેને લીધે જ ચિત્ત બને છે, પોષણ પામે છે. એ વિના ચિત્તનું અસ્તિત્વ ભાગ્યે જ હોઈ શકે. એમ કહો કે તે એકદમ અસંભવ છે, તો કાંઈ જ ખોટું નથી.

ચિત્ત રાગ ને દ્વેષ, સુખ અને દુઃખ તથા મમતા ને આસક્તિનો અનુભવ કરે છે અને તેથી જ તો તે સૌને પેદા કરનારાં કર્મો, સંસ્કારો, ભાવો કે વિચારોથી તેનું બંધારણ ઘડાય છે, એ સાચું છે, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એ સૌનું મુખ્ય કારણ અસ્મિતા છે. અસ્મિતા ના હોય તો સંસાર ને આ શરીરનો અનુભવ કરી શકાય નહિ. કોઈ પ્રકારનું સારું કે નરસુ કર્મ પણ થઈ શકે નહિ ને તેવાં કર્મોના ફળરૂપ લાભહાનિ, સુખદુઃખ, પતન ને ઉત્થાન તથા બંધ અને મોક્ષનો અનુભવ પણ થાય નહિ.

સમાધિદશામાં અસ્મિતા એકદમ શાન્ત થઈ જાય છે. એટલે યોગીનું ચિત્ત પણ શાન્ત થાય છે ને તેનાથી કોઈ પ્રવૃત્તિ થતી નથી. તે સિવાયની બીજી બધી જ દશામાં ચિત્ત ને અસ્મિતા બંને જાગ્રત હોય છે ને કામ કરે છે. સાગર અને તેના તરંગની પેઠે અસ્મિતા ને ચિત્ત બંનેનો સંબંધ કાયમ માટે ચાલુ જ રહે છે. માટે જ અસ્મિતાને ચિત્તનું ઉપાદાનકારણ કહેવામાં આવે છે. એ અસ્મિતાની મદદથી યોગી નવા ચિત્તનું નિર્માણ કરી શકે છે. તેના સંકલ્પબળમાં એવી અસાધારણ શક્તિ હોય છે.

યોગેશ્વરજી

"જય જય જય જ્યોતિર્મયી માતા વંદુ માત ભવાની."



મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી

નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

## * માતૃ–વંદના *

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની......
લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા.
જય જય.....
દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધા દીપ પ્રગટાવ્યા.
જય જય.....
વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં.
જય જય.....
પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને, ભવનાં બંધન ટાળ્યાં.
જય જય.....
સેવાનું સદ્‌ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઇ સિધાવ્યાં.
જય જય.....
મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વરપ્રભુ દર્શન દેજો વિનંતિ લેજો વધાવી.
જય જય.....
કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રીતે,
સર્વેશ્વરીનો સાદ સુધી લો યોગની અવનવી રીતે.

— મા સર્વેશ્વરી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક** : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
⊗ **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**
⊗ **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : ૫૧૬૫૫૧


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૧૧ |
| I Am Not There | શ્રી મહેન્દ્ર મેઘાણી | ૧૫ |
| કઠોપનિષદ્ (૫) | યોગેશ્વરજી | ૧૯ |
| इति योग कथ्यते | ડૉ. હિમાંશુ પાઠક | ૨૪ |
| The first youth Shibir– A Success | Yogesh Lad | ૨૭ |
| પ્રથમ યુથ સાધના શિબિર–સફળ પ્રયોગ | યોગેશ લાડ | ૪૫ |
| શિબિર અંગે પ્રતિભાવ | હિતેશ લાડ | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |


## * અભિનંદનીય સહાય *

પ. પૂ. ગુરુદેવ શ્રી મહાત્મા યોગેશ્વરજીની વરદ ઉપસ્થિતિમાં સને ૧૯૭૬ માં સ્થાપવામાં આવેલ, શ્રી મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, મોરબીએ સંવત ૨૦૦૧ માં તેની સ્થાપનાનાં ૨૫ વર્ષ પૂરાં કર્યાં છે. એટલે આ તેનું રજતજયંતી વર્ષ છે. પૂ. ગુરુદેવની ભૌતિક વિદાય પછી પરમ પૂ. મા શ્રી સર્વેશ્વરીએ આ કેન્દ્રને તેની સક્રિયતા તેમજ વિકાસ બદલ ઘણીવાર અભિનંદન આપ્યા છે.

તા. ૩૦–૬–૨૦૦૧ ના રોજ મોરબી ધ્યાનકેન્દ્રે તેની રજત–જયંતી નિમિત્તે એક સરસ કાર્યક્રમ યોજ્યો અને ગુજરાતભરમાંથી તેમ જ બહારથી આવેલ સાધક પરિવારોને સ્મૃતિચિહ્નરૂપ ઘડિયાળોને બીજી વસ્તુઓ ભેટ ધરી. તે વખતે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી અને આ મહોત્સવ ઉજવણી સમિતિના સભ્યોની સંમતિથી મુખ્ય સંચાલક શ્રી હરિભાઈ ભોજાણીએ રજતજયંતી નિમિત્તે અધ્યાત્મ માસિકને રૂા. ૨૫,૦૦૦ ની ભેટરકમ આપી. તે બદલ અમે પૂ. મા તેમ જ મોરબી ધ્યાનકેન્દ્રના સહુ સાધક ભાઈબહેનોના અને ખાસ કરી શ્રી ભોજાણી-ભાઈના આભારી છીએ. અત્રે એ ઉલ્લેખનીય છે કે અધ્યાત્મના આજીવન સભ્યો નોંધવામાં પણ આ કેન્દ્રે આગવું સ્થાન હાંસલ કર્યું છે.

સહાયરૂપ થનાર સહુ સાધક ભાઈબહેનો ઉપર ગુરુદેવ પ્રભુ અને પૂ. માના પરમ આશીર્વાદ ઉતરો એ જ પ્રાર્થના.

—તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૩ ઓક્ટોબર–૨૦૦૧ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૮/૮/૮૧ ગુરુવાર, શ્રાવણ વદ ચૌદસ, ૨૦૩૭**
**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ**

આજે એકવીસમો દિવસ. પાણીના રેલાની જેમ દિવસો પસાર થઈ ગયા.

સવારે જ રામાયણનું પારાયણ સર્વેશ્વરી પૂરું કરે છે. નિત્ય-ક્રમમાંથી નિવૃત્ત થઈ પૂ. શ્રીએ સાડા અગિયાર વાગ્યાસુધી લેખન કર્યું.

લેસ્ટરમાં ત્રણ મસ્જીદ, ચાર ગુરુદ્વારા ને ચાર મંદિરો છે. ચર્ચ પણ ઘણાં. પણ યુવાનવર્ગને એમાં રસ ઓછો. નાતાલના પવિત્ર તહેવારે પણ ખાવાપીવાની જ ક્રિયા મહત્ત્વની માને.



આખાયે દેશમાં ઇલેક્ટ્રીક રેલ્વે લાઇન અને બસસર્વીસ. બસ પણ બધી જ સુંદર સગવડોવાળી. ડ્રાઇવર પાસે જ એક મશીન મૂકેલું હોય તેમાં પૈસા નાંખી ટિકિટ લેવાની. જ્યાં ઉતરવું હોય, ત્યાં જાતે જ બેલ વગાડવાનો. બસમાં કંડક્ટર ન હોય.

પૂ. શ્રીએ આરોગ્યની દૃષ્ટિએ એક નિયમ બનાવ્યો કે અહીં તરસ લાગે ત્યારે દૂધ જ પીવું. આજે પણ ઠંડુ ખાંડવિનાનું જ દૂધ પીએ છે.

મુલાકાતમાં શ્રી જયાબેને થોડા પ્રશ્નો પૂછ્યા. તેમણે પોતાના અનુભવો સંભળાવતા કહ્યું : કોઈવાર મારા કાનમાંથી ઘંટનો અવાજ સંભળાયા કરે છે. હું તેને મહત્ત્વ આપતી નથી. એકવાર બે કલાક જપ કરતાં કરતાં થઇ ગયા. તો મારા શરીરમાંથી એક આકૃતિ બહાર નીકળી સામે ઊભી રહી ને પાછી મારામાં જ તે આકૃતિ સમાઇ ગઇ. કોઇવાર આપણા હૃદયમાં કોઇ મોટેથી બોલતું હોય તેવું એક જ વાક્ય સંભળાયા કરે. તે અવાજ ખૂબ મધુર લાગે છે. આ બધું હું કોઇને કહેતી નથી. લોકો ઊંધો અર્થ કરે. તમને જ કહું છું.

પૂ. શ્રી : કાનમાં જે સંભળાય છે તે નાદ છે. ઘણી રીતે તે સંભળાય. તેમાં મનને જોડવું જેથી મન સ્થિર થઇ જાય ને લાંબે ગાળે શરીરભાન ચાલ્યું જાય.

તમારા શરીરમાંથી જે આકૃતિ નીકળી તે તમારી જ છાયા હોય. ભગવાનને માર્ગે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ આપણા અજ્ઞાત મનના પડઘા અવાજરૂપે સંભળાય છે. વધુ ને વધુ પ્રાર્થના ને જપ કરો તો વધુ ને વધુ કૃપા મળશે. સમય કાઢીને પણ બેસો.

એકભાઇ આજે ઇંગ્લેન્ડના જીવનની વાતો કરે છે. પૂ. શ્રીના પ્રવચનો અંગ્રેજ યુવાન વર્ગ સામે થાય તેવી ઇચ્છા વ્યક્ત કરે છે.

આજે ભોજનમાં મગભાત, શીરો બનાવ્યા છે. શ્રી વિજ્યા-બેનને ઘણો ઉત્સાહ ને પ્રેમભાવ છે. પૂ. શ્રી રોટલી કે રોટલો કે ભાખરી ન ખાય તો શીરો તો લેશે જ, એમ માની આજે તેમણે શીરો બનાવ્યો છે.

ભોજનબાદ પૂ. માતાજીની માંદગીની વાતો થઇ. વળી પ્રભુના વિવિધ સ્વરૂપોનાં દર્શન માટે વિવિધ મંત્રો જપવા જરૂરી છે કે નહીં તેની રસપ્રદ ચર્ચા થઇ.

૨-૨૦ મિનિટે ઉતારા ઉપર આવી ગયા. થોડો આરામ કરી લેખનકાર્ય થયું.

આજે સાંજની મુલાકાતમાં પૂ. શ્રીની જગદંબાની સ્તુતિ ને સર્વેશ્વરીનાં ભજનો એક ભાઇને ટેઇપ કરવાં છે તે કરે છે.

આજે શ્રી કમળાબેનને ત્યાં ભજનનો કાર્યક્રમ હતો. પૂ. શ્રીને ત્યાં આવવાનું આગ્રહભર્યું આમંત્રણ આપ્યું હતું. જેથી ત્યાં જવાનું બને છે. ત્યાં પૂ. શ્રીનું ને સર્વેશ્વરીનું ફૂલહાર ને ચંદનથી સ્વાગત થયું. કબીર ને કૃષ્ણ વિશે થોડી પ્રશ્નોત્તરી થઇ. સર્વેશ્વરીએ ભજનો ગવડાવ્યાં. વિદાયવેળા સર્વેશ્વરીને ભેટ અર્પણ થઇ પણ તે પ્રેમપૂર્વક પાછી પરત કરવામાં આવી.

ત્યાંથી વિદાય થઇ પ્રવચન સ્થળે પહોંચ્યા. પ્રવચન બાદ આરામ.

**તા. ૨૯/૮/૮૧ શનિવાર, શ્રાવણ વદ અમાસ, ૨૦૩૭**

**સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઇંગ્લેન્ડ.**

આજે બાવઈસમો દિવસ. લેસ્ટરથી ૮૦ માઇલ દૂર ચૈતન્ય કોલેજ આવેલી છે. કુમકોડ નામના સ્થાનમાં હરેકૃષ્ણ મંદિર પણ



છે તે જોવા જવાનો આજનો કાર્યક્રમ છે.

શ્રી ગોવિંદભાઇ અને રશ્મિભાઇ અમારી સાથે હતા. સવારે નવ વાગ્યે ત્યાં જવા નીકળ્યા.

માર્ગમાં આસપાસ ખેતરોમાં ટામેટાની ખેતી દૂરથી જોવા મળી. કાળા ને સફેદરંગની મિશ્રિત વળી ક્યારેક કથ્થઇરંગની ગાયો ચરતી હતી. ઘેટાંઓ પણ જોવા મળ્યાં. ક્યાંયેક ઘોડા પણ દેખાયા. આખાયે માર્ગમાં ખાસ પક્ષીઓ જોવા ન મળ્યાં. આ ઋતુમાં જ લીલી હરિયાળી ધરતીનાં દર્શન થાય. શિયાળો આવતાં જ વૃક્ષોનાં પાંદડાં પીળાં થઇને ખરી પડે છે. જાણે ઋતુ પણ બધી જ માયા ખંખેરી વૈરાગી બની જાય છે.

માર્ગમાં પેટ્રોલપંપ ઉપર ઉતર્યા. ત્યાં રેસટોરન્ટ, ટોયલેટ, જરૂરી ચીજવસ્તુઓ બધું જ મળે. સગવડ ઘણી સારી. કોવેન્ટ્રી વિગેરે શહેરો પસાર કરી મંદિરમાં પહોંચી ગયાં.

પંચમજ્યોર્જનો ૧૯૨૦ માં બંધાયેલો મહેલ. તેમાં હરેકૃષ્ણ મંદિર છે. હાલ એમાં ૧૫૦ સાધકો રહે છે. ૪૦ જેટલાં ભાઇબેનો દરરોજ ગામડે ગામડે ફરી વ્યક્તિગત રીતે દરરોજ ૧૦૦, ૧૦૦ ગીતાનું વેચાણ કરે છે. મંદિર—એક મોબાઇલમાં ફરતું મંદિર પણ ધરાવે છે.

આ હરેકૃષ્ણમંદિર શિક્ષણ પણ આપે છે. સંસ્કૃત ને હિન્દી અહીં શીખવાડાય છે. ભોજનની, રહેવાની વ્યવસ્થા છે. શિક્ષણ-સંસ્થાનું નામ ચૈતન્ય કોલેજ છે. અહીં ત્રણ શિક્ષણખંડ જોયા. જેનાં નામ જગન્નાથ ક્લાસ, બળરામક્લાસ, સુભદ્રાક્લાસ હતાં. વર્ગમાં ધોતી ને ચોટલીવાળા નાના નાના બાળકો ભણી રહ્યા હતાં. બોર્ડ ઉપર ભજામિ, ભજાવહે ભજામહે અને એની સામે

એનું અંગ્રેજી ભાષાંતર લખાયેલું વાંચવા મળ્યું.

એક નાના બાળકનું નામ પૂછ્યું તો ઋષિ હતું. તેવા તો ઘણાં બાળકો છે.

ભારતમાં વૃંદાવન–ગોકુળમાં રહેતી એક અમેરિકન બેન મળી. તે બેન હાલ અમેરિકા થઇ ઇંગ્લેન્ડ આવી હતી. અને હવે ભારત જનાર હતી. પૂ. શ્રીને તે બેને થોડા પ્રશ્નો પૂછ્યા. તે બેને વાતચીતમાં જણાવ્યું કે ભારતદેશ લંગડો છે. અમેરિકા આંધળો છે. પ્રભુપાદસ્વામી કહે છે કે લંગડાને આંધળો ઊંચકી લે અને આંધળાને લંગડો માર્ગ બતાવે. એટલે કે ભારત માર્ગદર્શન આપે પ્રકાશ બતાવે.

એ બેનની નાની દીકરી હતી તેને બતાવતાં ગૌરવભેર તેણે કહ્યું આ ગોકુળમાં જન્મી છે. આ વ્રજવાસી છે.

સંસ્થાના એક ભાઇએ આખીયે સંસ્થા ફરીને બતાવી. તે ભાઇ સ્કોટલેન્ડના કરોડપતિના પુત્ર છે. દશવરસથી બધું છોડીને આમાં જોડાયા છે.

હરેકૃષ્ણમંદિરમાં તુલસીનું મહત્ત્વ ઘાણું છે. ઇંગ્લેન્ડમાં અતિશય ઠંડી પડે ત્યારે તુલસીના છોડ સૂકાઇ જાય. તુલસીને જીવંત રાખવા અહીં એક તુલસીમાતા હાઉસ જોવા મળ્યું. કાચની મોટી કેબીન જેમાં ગરમી પહોંચાડી શકાય એવાં સાધનોથી તુલસીના છોડ જીવંત રહે. એમાં તુલસીના આઠનવ કુંડાં હતાં. વળી ભગવાન શ્રીકૃષ્ણનો, શ્રી પ્રભુપાદસ્વામીનો ફોટો પણ ત્યાં હતો. તુલસીની સવારસાંજ બે વાર પૂજા થાય છે.

મંદિરમાં શ્રીજગન્નાથ, સુભદ્રા ને બળદેવની મૂર્તિ હતી. મૂર્તિની નીચે ચૈતન્યમહાપ્રભુ સાથે બીજા પાંચ ભક્તોની મૂર્તિ



હતી. એકબાજુ પ્રભુપાદ સ્વામીની મૂર્તિ ને બીજી બાજુ બીજા એક ગુરુની તસ્વીર હતી.

મંદિરના ભોજનાલયમાં દરરોજ શાકાહારી ભોજન બને. દર રવિવારે ભારતની મીઠાઇ જેવી કે રસગુલ્લા, ગુલાબજાંબુ, શીરો વિગેરે બને છે.

સંસ્થા પાસે ગૌશાળાને શાકભાજી ને ફૂલો માટેની પણ વિશાળ જમીન છે. પંચમજ્યોર્જના સમયે જે મકાનો ઘોડાના તબેલા તરીકે વપરાતા તેમાં હરેકૃષ્ણમંદિરના આજીવન સભ્યો માટે ઓરડીઓ થશે જ્યાં રહીને સભ્યો સાધનભજન કરી શકશે.

સંસ્થામાં દાખલ થયા ત્યારથી જે કોઇ નાનું બાળક કે મોટા માણસ મળે તે હરેકૃષ્ણ હરેકૃષ્ણ હાથ જોડીને બોલતા જોવા મળ્યા. પુરુષો કે નાના બાળકો ધોતીયું ને કફની, સ્ત્રી કે નાની બાલિકા ભારતીય ઢબની સાડી પહેરેલી જોવા મળી. કોઇના પણ પગમાં બૂટ, ચંપલ કે મોજાં પણ જોવા ન મળ્યાં.

સંસ્થામાંથી વિદાય થયા. ફરી લેસ્ટર આવવા નીકળ્યા. માર્ગમાં શ્રી ગોવિંદભાઇએ પોતે મોટરમાર્ગે જર્મની ગયા હતા ત્યારે પ્રભુની કેવી મદદ મળી હતી તેની વાતો કરી.

જર્મની જતાં મળસ્કે એક માર્ગ ભૂલી જતાં બીજા જ કોઇ શહેરમાં આવી ગયા. મુંઝાયા. પોલીસસ્ટેશને ગયા. હજી તો ગાડી ઊભી જ રાખી ત્યાં પોલીસ આવી સાચા માર્ગની સમજ આપી ફરી ચાલ્યા. ત્યાં જ પાછળ પોલીસો પોતાની ગાડી લઇને આવ્યા. ૧૦, ૧૨ માઇલસુધી ચોક્કસ માર્ગ ઉપર તે મૂકી ગયા, બદલામાં કોઇ ભેટ કે પુરસ્કારની અપેક્ષા જ નહીં.

જર્મનીથી આવતાં એક મુંબઇ જેવા મોટા શહેરમાં ત્રણ

કલાક ફર્યા. બહાર નીકળવાનો રસ્તો જ ન મળે. ખૂબ થાક્યા. જેને જેને પૂછીએ તે અંગ્રેજી જાણે જ નહીં. છેવટે એક જગ્યાએ ગાડી મૂકી દીધી. લાલાને–પ્રભુને પ્રાર્થના કરી. એક છોકરી ત્યાં આવી, તેને પૂછ્યું. તેણે એક ગાડીવાળા ડ્રાયવરને બતાવ્યો. તેણે કહ્યું તમે ૧૫, ૨૦ મિનિટ રોકાઇ જાઓ, હું હમણાં જ તમને રસ્તો બતાવું છું. તમે તદ્દન વિરુદ્ધ દિશામાં જ આવ્યા છો. ને એ ભાઇ આખુંયે શહેર પસાર કરાવી અમને મોટરમાર્ગ ઉપર દૂર દૂર સુધી મૂકી ગયા.

પ્રભુની મદદના એ પ્રસંગો સાંભળી આનંદ થયો. ફરી લેસ્ટર આવતા માર્ગમાં ત્રણ ગાડી ખૂબ ભયંકર અકસ્માત પામી હતી જેથી વાહનવ્યવહાર અટકી ગયો. પરંતુ પોલીસની ખૂબ ઝડપી સેવાને લીધે ફક્ત વીસ જ મિનિટમાં માર્ગ ચાલુ થઇ ગયો. ત્રણ ગાડીઓને તરત જ પોલીસે બાજુમાં કરી દીધી. ઇજા પામેલાને હોસ્પિટલમાં પણ મોકલી દીધા. કેટલી ઝડપી સેવા? (ક્રમશઃ)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧




# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન :** ગુરુ કોને કહેવાય?

**ઉત્તર :** ગુરુના જુદા–જુદા કેટલાય અર્થ છે. કોઇ તેને અંધકારમાંથી પ્રકાશમાં લઇ જનાર, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં લઇ જનાર, તો કોઇ તેને અસત્યમાંથી સત્યમાં લઇ જનાર કહે છે. પણ આપણે તો બીજી રીતે અહીં વિચારીએ છીએ. ગુરુ કોને કહેવા તે વાત કે પ્રશ્નનો જવાબ ગુરુ શબ્દમાં જ રહેલો છે. ગુરુ એટલે મોટો. મોટો એટલે શું? મોટાઇ ત્રણ રીતે સમજવાની છે. (૧) મનની મોટાઇ. (૨) દિલની મોટાઇ. (૩) આત્માની મોટાઇ. આ ત્રણ રીતે જે મોટો હોય તે ગુરુ કહી શકાય.

મનની મોટાઇ શું છે? મનમાં કોઇ વાર બૂરા વિચાર ના ઊઠવા, ઊંચી ભાવના ને જ્ઞાનના ઉન્નત વિચારોથી મન સદા ભરપૂર રહેવું, સંકુચિતતા કે સ્વાર્થવૃત્તિ છોડી સમસ્ત જગતને પોતાનું ગણી તેને કામ લાગવું, સદાયે સ્થિર ને શાંત રહેવું, તેમ જ સંયમદ્વારા પરમાત્માનું દર્શન કરી, મનને સદા પરમાત્મામય રાખવું ને જગતમાં બધે જ તે પરમાત્માનું દર્શન કરવું. આ બધાં મનની મોટાઇનાં લક્ષણો છે.

આ પછી આવે છે દિલની મોટાઇ, ક્ષમા, પ્રેમ, દયા હોવી; સૌને માટે હિતની ભાવના ને કામના હોવી, દુઃખીના દુઃખ ને દીનની દીનતા જોઇ પીગળી જવું, પત્થર જેવું દિલ, ભાવના કે લાગણીહીન ના હોવું...એ બધાં દિલની મોટાઇનાં લક્ષણો છે.

ને આત્માની મોટાઇ એટલે કામ, ક્રોધ જેવા અંતઃકરણના વિકારોને જીતી લઇ, અહંકાર ને મમતા કે દેહાધ્યાસને દૂર કરી, આત્મદર્શન કરવું ને સમસ્ત સૃષ્ટિમાં આત્માને જોવો, આવા જ પુરુષને મહાત્મા પણ કહેવામાં આવે છે ને આવા મહાપુરુષ જ, જે આમ બધી રીતે ક્ષુદ્રતા ને લઘુતાની દીવાલો ભેદીને સાચા અર્થમાં મહાન કે મોટો થયો હોય છે, તે જ ગુરુ કહેવાય.

શાસ્ત્રોએ મહાપુરુષ અથવા ગુરુના વિવિધ લક્ષણ કહ્યાં છે. ભગવાન શ્રી આદ્યશંકરાચાર્યે તેને માટે એક ઠેકાણે ચાર સુંદર શબ્દ વાપર્યાં છે, 'दयालुं गुरुब्रह्मनिष्ठं प्रशांतम्' એ કાવ્યપંક્તિમાં તે મહાપુરુષ કેવો હોવો જોઇએ તે કહે છે. એક તો દયાળુ હોવો જોઇએ. બીજું જ્ઞાનમાં ને જ્ઞાનના અનુભવમાં મોટો હોવો જોઇએ. વળી તેણે ઈશ્વરદર્શન કરેલું હોવું જોઇએ ને ઈશ્વરીભાવમાં હંમેશા સ્થિત રહેતો હોવો જોઇએ; ને છેલ્લે પરમશાંતિની પ્રાપ્તિ તેને થયેલી હોવી જોઇએ. આત્મદર્શનવિના પરમશાંતિ શક્ય નથી. ધન, વૈભવ, વિલાસ, સ્ત્રી, ભોગ એ બધાંથી માણસને સુખશાંતિ મળે છે, પણ તે ચિરસ્થાયી કે સનાતન હોતી નથી. અમુક સમય પછી તેનો ભંગ થઇ તેની તૃષ્ણા ફરી જાગૃત થાય છે. શાંતિ માણસના અંતરમાં આત્મારૂપે રહેલી છે ને પરમાત્માને મેળવ્યાવિના કાયમી શાંતિ મળી શકતી નથી. આ કાયમી શાંતિ જેણે મેળવી છે તે જ આદર્શ સંત, મહાત્મા, મહાપુરુષ કે ગુરુ છે.

**પ્રશ્ન** : પણ આવા ગુરુ મળે ક્યાં?

**ઉત્તર** : તેને શોધવા જવાની જરૂર નથી. શોધવાથી તે મળશે જ એમ નક્કી કહી શકાય નહીં. સૌથી સુંદર વાત તો એ છે કે તમે તેવા ગુરુને માટે યોગ્ય બનો. તેને માટે અધિકાર મેળવો. અત્યારે તમારે તેવા ગુરુની જરૂર જ ક્યાં છે? વાસના, સાંસારિક તૃષ્ણા, કામ–વાસના ને કપટ, એ બધામાં અત્યારે તો તમે ગળા-બૂડ ડૂબેલા છો. તેમાંથી બહાર આવી ઈશ્વરની ભૂખ કે ગુરુની તરસ ઉત્પન્ન કરો. એટલે સંસારના ગમે તે ભાગમાંથી દોડી આવીને પણ ગુરુ તમને મળશે. એમાં કોઇ વાતનો સંદેહ નથી. માટે પહેલાં યોગ્ય શિષ્ય બનો. અત્યારે જેમ યોગ્ય ગુરુ મળવા કઠિન થઇ પડયા છે, તેમ યોગ્ય શિષ્ય પણ મળવા મુશ્કેલ છે.



**પ્રશ્ન** : પૂર્ણતા પોતે જ શું વિશિષ્ટ આકાર ધારણ કરીને ગુરુના રૂપમાં પ્રકટ થતી હોય છે?

**ઉત્તર** : ગુરુના રૂપમાં પૂર્ણતા પોતે જ વિશિષ્ટ આકાર ધારણ કરીને પ્રકટ થાય છે એવું તો કેવી રીતે કહી શકાય? બધા ગુરુ પૂર્ણ નથી હોતા. હા, એટલું અવશ્ય કહી શકાય કે ગુરુ પર-માત્માના પ્રતિનિધિ હોય છે, પરમાત્માનો સનાતન સંદેશ સંભ-ળાવીને પરમાત્માભિમુખ કરે છે, ને બંધનમુક્તિ, પૂર્ણતા તથા પરમાત્માદર્શનની પ્રેરણા પૂરી પાડે છે. એમની મદદથી અપૂર્ણતા-માંથી પૂર્ણતામાં પ્રવેશ કરી શકાય છે. અથવા પૂર્ણતાને પોતાની અંદર પ્રગટાવી શકાય છે, એટલું સાચું છે.

**પ્રશ્ન** : ગુરુ અને શિષ્યનો સંબંધ સનાતન હોય છે ને જન્મજન્માંતરસુધી ચાલે છે?

**ઉત્તર** : ગુરુ અને શિષ્યનો સંબંધ જન્મજન્માંતરસુધી ચાલે છે અથવા નથી પણ ચાલતો. એ એક જ જન્મપૂરતો, કે એક જન્મમાં પણ થોડાક વરસોપૂરતો મર્યાદિત રહેશે કે આગળ વધશે એનો આધાર સંસ્કારોપર રહેતો હોય છે. સર્વકાંઇ સંસ્કાર કે ઋણાનુબંધને અનુસરીને નક્કી થાય છે. એ સંબંધમાં કોઇ એકસરખો નિયમ નથી લાગુ પડતો.

**પ્રશ્ન :** શિષ્યને મુક્તિ અપાવ્યાસિવાય ગુરુ પોતે મુક્ત નથી થતા. ગુરુનું ઉત્તરદાયિત્વ એટલું બધું મોટું હોય છે?

**ઉત્તર :** જે ગુરુ શિષ્યને મુક્ત કરવાની ઉત્કટ ઇચ્છા રાખે ને શિષ્યને મુક્ત કરવા માટે શરીરને છોડયા પછી અવારનવાર આવવાનો સંકલ્પ કરે તે ગુરુશિષ્યની મુક્તિ કે સદ્‌ગતિને માટે પ્રયત્ન કરે એ દેખીતું છે. તેવા ગુરુ જીવનમુક્ત અવસ્થાનો અનુભવ કરવા છતાં પણ સ્વેચ્છાનુસાર જીવનનો અભિનય ચાલુ રાખે છે. એવા સંકલ્પ વગરના બીજા ગુરુને માટે એવું વિધાન લાગું પડતું નથી. બીજા ગુરુના આશીર્વાદ અને પથપ્રદર્શનથી શિષ્યનું કલ્યાણ થાય છે. ગુરુની અદૃષ્ટ છતાં અમોઘ શક્તિ શિષ્ય કે શરણાગતના જીવનનું શ્રેય સાધે છે. શિષ્યના જીવનમાં ક્રાંતિ કરીને એ સહજ રીતે જ પોતાની કલ્પનાતીત કરામત કરી બતાવે છે, ને શિષ્યને સર્વપ્રકારે કૃતાર્થ કરે છે.

**પ્રશ્ન :** એક વ્યક્તિના એકથી વધારે ગુરુ હોઇ શકે?

**ઉત્તર :** હોઇ શકે. જેની પાસેથી જીવનના વિકાસનું માર્ગદર્શન મળે, પ્રેરણાની પ્રાપ્તિ થાય, ને શાંતિ સાંપડે તેને ગુરુ કહી શકાય. એવા ગુરુ એક કરતા વધારે હોઇ શકે. એનો આધાર સાધકની આવશ્યકતા પર રહે છે. મોટે ભાગે તો માનવ કોઇ એક જ પુરુષને ગુરુ કરે છે. જેના તરફથી એને મંત્ર કે માર્ગદર્શન મળે, પ્રેરણા કે પ્રકાશ જડે, જ્યાં એની આંખ અને એનું અંતર ઠરે, એને શાંતિ લાગે, અને એનો આત્મા સમર્પિત બને, તેની સાથે એ શિષ્ય તરીકેનો સંબંધ સ્થાપતો હોય છે. રામકૃષ્ણ પરમહંસદેવે કહ્યું છે કે શિક્ષાગુરુ અનેક હોઇ શકે, પરંતુ દીક્ષાગુરુ એક જ હોય. તેવી રીતે જીવનનું સર્વસમર્પણ પણ એક જ ગુરુના શ્રીચરણોમાં હોઇ શકે. (ક્રમશઃ)



## * I Am Not There *

Do not stand at my grave and weep.
I am not there. I do not sleep.
I am a thousand winds that blow.
I am the diamond glints on the snow.
I am the sunlight on ripened grain.
I am the gentle autumn rain.
When you awake in the morning's hush
I am the swift uplifting rush
Of quiet birds in circled flight.
I am the soft stars that shine at night.
Do not stand by my grave and cry.
I am not there; I did not die.

## * હું ત્યાં નથી. *

ઊભાં રહી મુજ કબર કને ના સારશો આંસુ તમે;
હું ત્યાં નથી; સૂતો નથી હું.
હું છું સહસ્ર સૂસવતા વાયરા.
હિમ પરે દેખાય પેલી હીરાચમક તે હું.
પાકા કણસલા પર રમે રવિતેજ તે હું.
પાનખરી વરસાદની ફરફર ઝીણી પણ હું.
વહેલી સવારે જાગતાં જુઓ તમે

શાન્ત વિહગને ઊડતાં વર્તુળ રચી આકાશમાં
પામતી ઉડાણ તેની પ્રબળ ગતિ તે હું જ છું.
ને રાત્રિએ મૃદુ તેજથી ટમટમે જે તારલા તે હું જ છું.
ઊભાં રહી મુજ કબર કને ના સારશો આંસુ તમે
હું ત્યાં નથી. પામ્યો નથી મરણ હું.

(શ્રી મહેન્દ્ર મેઘાણીના સૌજન્યથી)

(આ કાવ્યકૃતિ ઉત્તર આયર્લેન્ડમાં ફરજ બજાવતાં વિદ્રોહી-ઓના બોમ્બથી મૃત્યુ પામેલ સ્ટિફન કમિન્સ નામના ૨૪ વર્ષના બ્રિટિશ સૈનિકે પોતાનાં સ્વજનોને ઉદ્દેશીને લખેલી. અને એક બંધ કવરમાં મૂકીને, પોતાનું અવસાન થાય તો, તે ખોલવાની સૂચના આપેલી. પછી બી.બી.સી. પર તે રજૂ થયેલી.)

—વિશ્વ વિહારમાંથી સાદર)

## નવરાત્રિનાં સ્વર્ગારોહણમાં મૌન–સાધના શિબિર

દર વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજીના સ્વર્ગારોહણમાં મૌન–સાધના શિબિરનો કાર્યક્રમ રહેશે. જે સાધક ભાઈબહેનોએ તેમાં જોડાવું હોય, તેઓ નવરાત્રિના પ્રારંભ પહેલાં ત્યાં પહોંચી જાય.

—તંત્રી

॥ ૐ ॥

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય**

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વર્લ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે,કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.

★ અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.

**શ્રી વિજયભાઈ પંડિતજી**

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.

ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧

EMAIL : pandat@indya.com

સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.

॥ ૐ ॥

**શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ-વડોદરા.**

**સત્સંગ** : દર રવિવારે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ નિત્ય સત્સંગ ચાલે છે.

**વેચાણ** : પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. મા સર્વેશ્વરી દેવીના પુસ્તકો, શિવમહિમ્ન સ્તોત્ર, સરળગીતા, વિષ્ણુ સહસ્ત્રનામ વિ. જેવા પુસ્તકો,સ્વરૂપો અને કેસેટોનું વેચાણ અહીં કરવામાં આવેછે.

**લાયબ્રેરી** : પ. પૂ. મા પ્રભુનાં પુસ્તકો અને કેસેટોની લાયબ્રેરી અહી ઉપલબ્ધ છે.

**લવાજમ** : અધ્યાત્મ માસિકનું વાર્ષિક તેમજ આ જીવન લવાજમ અહીં સ્વીકારાય છે.

**જાહેરાત** : જો તમારે અધ્યાત્મ માસિકમાં જાહેરાત આપવી હોય તો અહીયા સ્વીકારાશે.

★ સ્થળ ★

**શ્રી વિજયભાઈ પંડિતજી.**

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે,

વડોદરા-૩૯૦ ૦૧૭.

ફોન નંબર : ૦૨૬૫-૪૩૬૨૧૬

ફેક્સ નંબર : ૦૨૬૫-૪૩૫૩૭૧



# કઠોપનિષદ્-(૫)

મહાત્મા યોગેશ્વરજી

## (૧૨) મરણ પછી શું

કઠોપનિષદ્‌નો આટલો વિચાર કર્યા પછી આપણને થાય છે કે બીજી બધી વાત તો ઠીક, પરંતુ મરણ પછી જીવનું શું તાય છે એ નચિકેતાના મૂળ પ્રશ્નનો યમદેવે બરાબર ઉત્તર કેમ ન આપ્યો. જો કે અત્યારસુધીના વિવેચનપરથી એક વાત તો સમજાઇ ગઇ કે પરમાત્મદર્શી પુરુષને ફરી જન્મવાનું નથી રહેતું—તેનો આત્મા પરમાત્મામાં મળી જાય છે. પરંતુ બાકીના જીવોની ગતિનું શું તે પ્રશ્ન ઊભો રહે છે, ને તેનો ઊડતો ઉલ્લેખ બીજા અધ્યાયની બીજી વલ્લીમાં કરવામાં આવ્યો છે.

મરણ પછીની ગતિ કે સૃષ્ટિનો આપણે વિચાર કરીએ છીએ એનો અર્થ એ થયો કે પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરીએ છીએ. ભારતવર્ષમાં સંસ્કૃતિના છેક ઉષઃકાળથી જ એ સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો છે, ને હવે તો તે લગભગ સર્વમાન્ય થઇ ગયો છે. વિજ્ઞાન ને બીજી વિદ્યાઓના વિકાસ પછી હવે તે વિશે કોઇને શંકા નથી રહી એમ કહીએ તો વધારે પડતું નથી જ. આ દેશમાં આ સિદ્ધાંત અત્યંત પ્રાચીનકાળથી માન્ય થયેલો છે તેની સાબિતી આ ઉપનિષદ્ પરથી સહેજે મળી રહે છે.

યમદેવના ખુલાસાનો વિચાર કરીએ છીએ ત્યારે બીજા અધ્યાયની આ વલ્લીની શરૂઆતમાં જે થોડુંક વિવરણ આવે છે તે આપણું ધ્યાન ખેંચ્યાવિના નથી રહી શકતું. ગીતામાં શરીરને

નવદ્વારવાળું કહેવામાં આવ્યું છે. અહીં યમદેવ તેને અગિયાર દરવાજાવાળા એક મહાન નગરની સાથે સરખાવે છે. તે ઉપમા અત્યંત સુંદર લાગે છે. તે કહે છે કે અગિયાર દરવાજાવાળા શરીરમાં જે પરમાત્માનો પ્રકાશ છે તેનો વિચાર ને સાક્ષાત્કાર કરીને માણસ પરમશાંતિને મેળવી લે છે. શરીરમાંથી છૂટીને તે કાયમ માટે મુક્ત થાય છે. તે આત્મા જ આકાશમાં સૂર્યરૂપે વિચરણ કરે છે. અંતરીક્ષમાં, પૃથ્વીમાં, મનુષ્યમાં, દેવમાં, સૌમાં તે જ વ્યાપક છે. પ્રાણ ને અપાન જેવા વાયુને તે જ નિયંત્રણમાં રાખે છે. તે આત્મા શરીરમાંથી વિદાય થાય છે પછી શરીર નિસ્તેજ ને નિષ્ક્રિય બની જાય છે. તેમાં જીવનજેવું કાંઇ નથી રહેતું. તે આત્માને લીધે જ સૌનું જીવન ટકી રહ્યું છે ને સૌ શ્વાસ લઇ રહ્યાં છે.

યમદેવ કહે છે કે કેટલાક મનુષ્યો મરણ પછી શરીર ધારણ કરવા માટે જુદી જુદી યોનિઓમાં પ્રવેશ કરે છે. બીજા કેટલાક વૃક્ષ, વેલ, છોડ અથવા બીજા સ્થાવરપણાને પામે છે. મરણ પછી ખરેખર કેવી જાતનો જન્મ થશે તે નક્કી નથી. તેનો કોઇ ચોક્કસ નિયમ બાંધી શકાય તેમ નથી, ને યમદેવ પોતે પણ તેવો નિયમ નક્કી કરતા નથી, પરંતુ દરેકના જ્ઞાન ને કર્મ પ્રમાણે બીજો જન્મ થાય છે તે નક્કી છે. કોઇ પણ જીવ પૂર્ણતાની પરિસીમાએ પહોંચ્યાવિના અથવા પરમાત્માને ઓળખ્યાવિના જન્મ ને મરણ-ના ચક્રમાંથી છૂટી શકતો નથી. મતલબ કે આત્માનુભવથી રહિત એવા પ્રત્યેક પ્રાણીને વારંવાર જન્મવું પડે છે. પણ તે જન્મ કયા પ્રકારનો હશે કે થશે તે કોઇ કહી શકતું નથી. સ્વયં યમદેવે પણ તેનો ખુલાસો નથી કર્યો.



## (૧૩) મુક્તિ નહિ પણ જીવનમુક્તિ

આપણે ત્યાં મોટે ભાગે જન્મ ને મરણમાંથી મુક્તિ મેળવવા તરફ વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. એટલે ધર્મ, સાધના, તપ કે વ્રતનું લક્ષ્ય છેવટે જન્મમાંથી છૂટવાનું જ રહ્યું છે. વખતના વીતવા સાથે તેને પરિણામે જીવન ને જગત તરફ ધિક્કાર, નફરત કે ઉદાસીનતાની ભાવના કેળવાઇ છે, ને સાધકો મોટે ભાગે નિષ્કર્મણ્ય ને નીરસ જીવન જીવતા થઇ ગયા છે. વ્યક્તિ તથા સમષ્ટિ બંનેને તેથી નુકશાન થયું છે. મુક્તિ એટલે ફરી ન જન્મવું ને જીવન ખરાબ છે, અભિશાપરૂપ છે, એમ માની લેવામાં આવ્યું છે. તે વિચારસરણીમાં થોડું પરિવર્તન કરવાની જરૂર છે. આપણે જીવન પછીની કોઇ ઉત્તમોત્તમ ગતિની એકલ આશામાં સાધના ને ધર્માચરણ કરવાને બદલે આ જ જીવનને ઉજ્જ્વળ, નિર્મળ, પ્રભુમય તેમ જ મુક્ત કરવા માટે સાધના કરવી જોઇએ, જીવન પછીની ગતિ તો મળશે જ, પરંતુ વર્તમાન જીવનમાં જ પ્રભુ-પરાયણ બનીને માણસ પરમગતિની પ્રાપ્તિ કરી લે એ તેનો આદર્શ હોવો જોઇએ. એટલે કે મરણ પછીની મુક્તિ નહિ, પરંતુ જીવનમુક્તિ—જીવતાં જ મુક્તિ આપણું લક્ષ્ય બનવું જોઇએ. તે માટે જ આપણો પ્રયાસ હોવો જોઇએ. તેથી જીવન તરફ વધારે ધ્યાન આપવાની વૃત્તિ જાગશે. જીવન તરફ પ્રેમ ને સહાનુભૂતિ ઉત્પન્ન થશે, જીવન પોતાને ને બીજાને ખપ લાગે તેવું ઉજ્જ્વળ બનશે, ને આ જ જીવનને ધર્મમય ને શુદ્ધ કરવાની ભાવના વધારે વેગવાળી બની રહેશે. આ વાત નવી નથી પણ ભૂલાઇ ગયેલી છે. કેમ કે જીવનમુક્તિનું ધ્યેય આપણે ત્યાં રાખેલું જ છે, એટલે આ વાતથી કોઇએ નવાઇ પામવાની જરૂર નથી. એવા જીવનમુક્ત પુરુષને ફરી જન્મ હોય કે ન હોય તે મારી દૃષ્ટિએ

બહુ મહત્ત્વની વાત નથી. તેને મન બધું સરખું જ હશે. જીવનની મમતા ને મરણની ભીતિ તેને નહિ અડે. જીવન અથવા જન્મને આપણે છે તેથી વધારે ભયંકર માનવાની જરૂર નથી. પરમાત્માના સાક્ષાત્કાર પછી બધું મંગલમય જ થઇ જાય છે. એટલે આપણું ધ્યેય મુક્તિ નહિ પણ જીવનમુક્તિ હોવું જોઇએ. જીવન કે મરણમાંથી મુક્તિ નહિ પરંતુ જીવતાં જ મુક્તિ—જીવનદ્વારા ને જીવન દરમ્યાન અનુભવવાની મુક્તિ : અહંભાવ, વાસના ને મમતાથી મુક્ત પ્રભુપરાયણ સ્થિતિ.

## (૧૪) શાંતિનો ઉપાય

શાંતિની ઇચ્છા કોને નથી થતી? જગતના બધા જ જીવો શાંતિ માટે પોતપોતાની રુચિ ને બુદ્ધિ તથા શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે. પરંતુ સંપૂર્ણ ને સનાતન શાંતિ ભાગ્યે જ કોઇને મળી શકે છે. યમદેવ કહે છે કે સંપૂર્ણ ને સનાતન શાંતિ તેને જ મળે છે જે પોતાની અંદર ને બહાર બધે રહેલા પરમાત્માનો અનુભવ કરે છે. સંસારના પદાર્થો અનિત્ય છે. એકસરખા રૂપમાં તે કાયમને માટે નથી રહેતા. તેમની અંદર રહેલી પરમાત્માની સત્તાની જે ઝાંખી કરે છે, તેને જ સુખ અથવા શાંતિની પ્રાપ્તિ થાય છે. સૌના અંતરાત્મારૂપે રહેલા ને એક છતાં અનેક સ્વરૂપ ધારણ કરનારા અવિનાશી પરમાત્માની સાથે જે સંબંધ બાંધે છે તે વિવેકી પુરુષને પરમ શાંતિ મળી જાય છે. બાકી પરમાત્માને ભૂલી જનાર, તેની પ્રાપ્તિ કે અનુભૂતિનો પ્રયાસ ન કરનાર પોતાને માટે દુઃખ ને દીનતાનો દસ્તાવેજ લખાવી લે છે. બહારથી તે સુખી લાગે તોપણ તેનું તે સુખ ઝાડની છાયાની જેમ અવારનવાર બદલાયા કરવાનું; એનું અંતર તરસ્યું જ રહેવાનું ને



દિનરાત ડંખ્યા કરવાનું. તેને કદી કાયમી શાંતિ અથવા સદાનું સુખ નહિ મળવાનું.

તે પરમાત્મા વિશે કેટલાક સુંદર વિચારો પણ આના અનુસંધાનમાં રજૂ કરવામાં આવ્યા છે. 'અગ્નિ જેવી રીતે એક છે છતાં જુદી જુદી વસ્તુમાં પ્રવેશ કરીને જુદા જુદા આકાર ધારણ કરે છે, તેવી રીતે સર્વ પ્રાણીઓના અંતરાત્મારૂપે રહેલા પરમાત્મા જુદા જુદા આકાર પ્રમાણે જુદા જુદા રૂપ ધારણ કરે છે ને પ્રકટ થાય છે. વાયુ એક છે છતાં વસ્તુઓમાં પ્રવેશ કરીને તે તે વસ્તુ પ્રમાણે નવાં નવાં રૂપ ધારણ કરે છે, તેવી રીતે પરમાત્મા જુદાં જુદાં રૂપ ધારણ કરીને પ્રકટ થાય છે. સૂર્ય જગતને પ્રકાશ આપનાર અલૌકિક આંખ જેવો છે. તે બહારની આંખોના દોષોથી દૂષિત નથી થતો. તે પ્રમાણે સૌના અંતરાત્મા—પરમાત્મા સંસારનાં દુઃખોથી લેપાતા નથી. સંસારના ક્લેશ તેમને અસર નથી પહોંચાડતા, તે પરમાત્મા સૂર્યના પ્રકાશથી જોઇ શકાતા નથી; ચંદ્ર ને તારાના પ્રકાશથી પણ નથી દેખાતા; વીજળીના પ્રકાશથી પણ પ્રકાશિત નથી થતા. તો પછી અગ્નિનું તો ત્યાં ચાલે જ શું? અગ્નિ તો તેમને પ્રકાશિત કરી જ કેવી રીતે શકે? સૂર્ય, ચંદ્ર, તારા, વીજળી ને અગ્નિ તેના જ પ્રકાશે પ્રકાશિત થાય છે—અરે, આ સંપૂર્ણ જગત ને બ્રહ્માંડ પણ તેના જ તેજે તેજસ્વી બની રહ્યું છે. તે પરમાત્માને જે જાણે છે ને પોતાની અંદર ને બહાર અનુભવે છે તે જ પરમ શાંતિને મેળવી શકે છે ને સુખનો અનુભવ કરે છે. સનાતન સુખ ને શાશ્વત શાંતિનો બીજો કોઇ ઉપાય નથી. પરમાત્મા એટલે જ સનાતન સુખ ને શાશ્વત શાંતિ.

# इति योग कथ्यते

ડૉ. હિમાંશુ પાઠક

(ડૉ. હિમાંશુ પાઠક છેલ્લા દશ વર્ષથી યોગનાં જુદા જુદા સાધનોદ્વારા ઘણા દર્દીઓને રોગમુક્ત કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. આધુનિક વિજ્ઞાને પણ એ વાતનો સ્વીકાર કર્યો છે કે હાઇબ્લડપ્રેશર, ડાયાબિટીશ, એસિડીટી, વા, અસ્થમા, માઇગ્રેન, સાંધાના દુઃખાવા, વજન વધારે હોવું જેવા રોગોમાં યોગદ્વારા સારા થઇ શકાય છે. આપણું એ સદ્‌ભાગ્ય છે કે ડૉ. હિમાંશુ પાઠકના અનુભવનો 'અધ્યાત્મ'ના વાચકોને લાભ મળી રહ્યો છે.
— તંત્રી)

પ્રિય વાચકગણ,

નમસ્તે.

**इति योग कथ्यते ॥** અર્થાત્ યોગ આમ કહે છે. આપણા સૌમાં મનમાં યોગની એક ચોક્કસ વ્યાખ્યા છે. આપણે અહીં જે યોગની વાત કરવા માંગીએ છીએ તે શું છે?

અત્યારસુધીમાં ઓછામાં ઓછી ૧૦,૦૦૦/– વ્યક્તિઓને મેં એક પ્રશ્ન પૂછ્યો છે. કે ધારો કે ભગવાન તમારી પાસે પ્રગટ થઇને ત્રણ વરદાન માગવાનાં કહે તો તમે શું માગો?

૯૯.૯૯% વ્યક્તિઓનો જવાબ હતો શાંતિ. તો કોઇ કહે તનાવમુક્તિ (Relaxation) તો ઘણા કહે આરોગ્ય (Health) અથવા તો (Stress–free life) તનાવરહિત જીવન.

યોગ એટલે શાંતિ, તનાવમુક્તિ (Relaxation), આરોગ્ય (Health) અને તનાવરહિત (Stress–free) જીવન આપનારું



શાસ્ત્ર. આધુનિક વિજ્ઞાને (આરોગ્યની) વ્યાખ્યા આપતાં કહ્યું છે કે Health is not merely absence of disease, but state of physical, mental, social and spiritual well–being વિશ્વ આરોગ્ય સંસ્થા (W. H. o.) એ આપેલ આ સ્વાસ્થ્યની વ્યાખ્યા અર્થાત્ ફક્ત રોગોની ગેરહાજરી એટલે સ્વાસ્થ્ય નહીં, પરંતુ શારીરિક, માનસિક, કૌટુમ્બિક–સામાજીક અને આધ્યાત્મિક સારી સ્થિતિનો સમન્વય.

આજે સામાન્ય માનવની શું સ્થિતિ છે? એની દશા પેલા સરદારજી જેવી છે. એક સરદારજી એવા મિત્રને મળ્યા. મિત્ર કહે, ભાઇ, આ શું થયું છે તને? તારા શરીરના જમણા ભાગના સ્નાયુઓ એકદમ વિકસિત અને સુડોળ છે, જ્યારે ડાબી બાજુના સ્નાયુઓ બિમાર અવસ્થામાં છે? આવું કેમ?

સરદારજી કહે, મિત્ર, હમણાં હું એક હેલ્થ ક્લબમાં જાઉં છું; ત્યાં અડધો કોર્ષ પૂરો થઇ ગયો છે, અને બીજો અડધો કોર્ષ હજી બાકી છે.

આ કોલમદ્વારા સર્વાંગી સ્વસ્થતાનો વિકાસ કરવામાં યોગનો જે ફાળો છે, તેની માહિતી પૂરી પાડવાનો છે.

વ્યાકરણની દૃષ્ટિએ યોગનો અર્થ જોડાવું, જોડવું, મળવું, ભળી જવું એવો થાય છે. સામાન્ય ભારતીય ધાર્મિક જનસમુદાય જોડાવું એટલે આત્માનું પરમાત્મા સાથે જોડાવું એવો કરે છે, જે અર્થ બધી જ રીતે યોગ્ય અને અર્થપૂર્ણ છે.

પરંતુ....

અહીં યોગનો અર્થ સ્વાસ્થ્ય મેળવવાના માર્ગ તરીકે કરીએ છીએ.

ટૂંકમાં, યોગ એટલે આરોગ્ય. Health.

અર્થાત્

a) Physical Health (શારીરિક સ્વાસ્થ્ય).

b) mental Health (માનસિક સ્વાસ્થ્ય).

c) Emotional Stability (લાગણી તંત્ર પરનો કાબૂ) ઊર્મિઓ કે લાગણીઓની સ્થિરતા–સ્વસ્થતા.

d) Social Health (સામાજીક સ્વાસ્થ્ય).

આપણે આવતા અંકે જોઈશું કે શારીરિક સ્વાસ્થ્ય મેળવવા માટે કયા કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ. (ક્રમશઃ)

પરમાત્માનો અનુભવ આપણા પોતાના પ્રયત્નોથી થઈ શકે છે. પરમાત્મા કરતાં બીજું કશું શ્રેષ્ઠ નથી. એમનાથી અલગ એવુંય કશું નથી. આપણા વ્યક્તિત્વના અવિભાજ્ય અંગસમા તે પ્રભુ છે. યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨



## The first youth Shibir–A Success

**Yogesh Lad, Toronto Canada**

Jai Shree Hari

With the grace, warmth and presence of Pujya Maa–Prabhu, the first ever Youth Sadhana Shibir was a success. As each day passed, all the youth came one step closer to Pujya Maa. She appeared to us in many forms: God, Divine Mother, Teacher, Friend, Guru, Inspiration, Guidance, Everything. Pujya Maa appeared in all those forms to me. But the most important envision of Pujya Maa was something I never would have imagined. A form that has been blind to me for 13 years.

There would be several occasions where Pujya Maa would transform into Prabhu. I'd physically feel the presence of Pujya Yogeshwarji radiating through Pujya Maa. At one second I would see Pujya Maa and the next second I would see Prabhu. Through all the shibirs, yatraa's, satsangs, and other functions with Pujya Maa I've had, I never saw her in this light. When we now ask the

question: Who is Pujya Maa?, the simple answer is ....Maa is Prabhu, Prabhu is Maa.

**Pre-Shibir Preparations**

I was one of the few youths present on August 6, 2000 at Calgary Airport. Pujya Maa was sitting down and doing her jaap as She waited to board for Her flight back to New Jersey. The remaining youth and devotees sat around Her on the ground reminiscing of the time they just spent at Bragg Creek. Pujya Maa made some very funny jokes, She instantly eased the air of sadness that appeared on many of the youth. The topic of conversation quickly turned towards having a sadhana shibir for the youth only. At what first appeared to be wishful thinking, Pujya Maa's expression turned to a serious nature. She then quickly mentioned some guidelines and raised a few questions. The blueprint was set by Maa-Prabhu. This was the seed that was planted for the first ever youth shibir in North America.

At a satsang in late August 2000, it was decided in the Shree Yogeshwar Youth Dhyan



Kendra of Toronto that we would propose the idea of a sadhana shibir for the youth to Pujya Maa for summer 2001. Responsibilities were divided among the youth and preparations commenced swiftly. Areas such as, location, decorations, food, schedule were researched. The primary concern was that if a suitable camp ground was not available, in terms of what a shibir requires (what Pujya Maa needs, the cost and surrounding environment, etc), the seed that was planted would have no chance of blooming.

Fortunately with Maa-Prabhu's grace, we were able to find a campsite that which was equal, if not better in comparison to the campsite in Calgary (Camp Gardner). I was one of two youths who visited the camp for the first time. As soon as I entered the camp grounds, I knew in my heart that Pujya Maa would love this facility and what it has to offer.

in the month of September, the youth communicated with Pujya Maa while She was in New Jersey. By the end of the month, the shibir had been approved. Thank you to Pujya Yogeshwarji who gave his blessings and direction to Pujya Maa in holding this shibir.

Pujya Maa's youth from all over North America worked together in planning this shibir. The shibir was planned by Maa's children, not just one particular person or group. The seed had finally started to grow and flower would soon be standing tall. What was needed now was a lot of sunshine and water over the next 10 months.

**First Vision of Maa Prabhu....**

On DAY 1 of the Shibir, all the youth formed a line from the step entrance to Satyapath (name given to the Main Hall). Singing dhuns, we waited for Pujya Maa's arrival. The morning was calm, the skies were dull. I had not seen Maa since September 2000 in New Jersey. Since then, Maa had been in India preparing the museum at Swargarohan. She was also extremely busy with the earthquake relief efforts. This all meant Her attendance at the youth shibir was that much more special.

I was standing at the end of the line. I was thinking of that first moment when my eyes will finally connected with Pujya Maa. After many days of planning the first day of the shibir finally arrived.



**Three significant Events**

**Rain of Candy from Heaven**

On Friday after the day had ended, the youth got together and decided to surprise Maa. That day, the messages Maa had sent really touched the youth. So after the evening prayer, the youth got together with the boys on one side and the girls on the other. The youth slowly walked towards Maa's terrace below her balcony. Slowly, we started singing "Aum Namho Bhagavate Yogeshwaray". The dholak and manjira slowly joined in. We began to sing louder and louder. The energy was increasing. All we wanted was for Maa to come out to the balcony so she could see the love from her children. We waited patiently for about 5 minutes and then we decided to get louder. Singing at the top of our lungs, Pujya Maa came out. She was so excited to see everyone there. She was laughing and enjoying every moment. She quickly went back inside, grabbed a big white bag full of candy and started to see everyone there. She was laughing and enjoying every moment. She quickly went back inside, grabbed a big White bag full of candy and started to throw it

to the youth below. She grabbed a big. bunch with her hand, slowly leaned back and threw as far as she could. It was prasad falling from heaven. She showered everyone with candy that day.

I saw her later that night, and I have never seen her so jumpy. I went back to get candy that might have been left on the ground. To my surprise Maa was there. She said hold your kafine out, like a girl would a skirt. She then began to through a big bunch of candy from the balcony. There is only one phrase to describe the connection we had that night: mother and her children.

### A test for Maa: Question and answer session

One of the most interesting events at the shibr was the question and answer period with Maa. The youth wrote down questions on a piece of paper and placed them in a box. Maa was going to write the answers down and have someone read it. Then Daxeshbhai said to Maa, if you do this, you lose the whole point of the Question and Answer session. You have to do it live. Or be



present while the answers you have written be read to the youth. Maa agreed. We went into the tent which was not even set up properly. Maa sat on the swing seat which wasn't yet attached to the swing itself.

The Q&A period went very well. The questions were well thought of and required some thinking! Youth also got the chance to ask follow up questions, which lead to a great discussion on very important and deep issues. Maa enjoyed the entire session. Later found out that it was probably the first officially conducted Q&A session since she started strict maun.

### Two Different forms of Happiness: Laughter and tears

On the last day, the youth presented a show comprised of prabhu's dramas, prarthanas, garba, bhajans and speeches. We were praying the day would be sunny and warm since the main hall could not hold the people we were expecting. It turned out that the final day was the warmest, most sunniest and clear day in the entire shibir.

I spent the entire morning from 9 to 12 setting up the tent and decorations outside. A lot of people helped outside which saved a lot of time. Before the show began, Pujya Maa came to the tent and added her insight. I really wanted Prabhu's swaroop in the tent, but didn't think it was possible. But Maa mentioned it right away and we set it up right in the middle of the stage.

I can say that everything ran smoothly. No one really made any mistakes and dramas were exceptional. There were two very different forms of happiness seen on P.Maa. She was laughing during some of the comedy nataks, barely staying on her swing, clapping and smiling. During the end, after the bhajan "Itani Shakti", we saw tears of joy flowing down Maa's face. Two extremely different forms of happiness yet celebrating the same thing – Prabhuji's life. I think the seeds Pujya Maa planted long ago were finally blossoming.

**Lessons Learned Reduce – Eliminate coke**

The satsang had ended, Pujya Maa asked all the youth, "who drinks coke?" Everyone



but three youth raised their hands. Maa went on to describe the 'evils' of coke. For example, if you were to put a nail into a can of coke, the nail would be gone after a few days. She mentioned how it ruins your bones, teeth and inside of your body. If coke can do that to a nail, imagine how damage it does to your inner body. One last point she made was, the amount of money one spends on buying coke a month, that instead can be used to help the more needy. For example sending it to India. She asked the youth for something stop drinking coke. No one raised their hands. So as usual, she made things easier for us. During the first week, don't coke for one day. For the second week, don't drink coke for 2 days, etc....

**Prayer: Leaving & Returning from School**

Before leaving for school (or home) and upon returning back, Maa said you should sing Guru Vandana (Amone Gyan Denara). When reading the translation of the prarthana, it has a very special meaning and place for it. You never know what the day may bring, this prarthana will help you overcome all obstacles.

Amone Gnan denara, gurune Lakh vandan Ho

(To the Guru who gives me knowledge, to this Guru I bow down infinitely)

Sadaye gnan, Denara, gurune Lakh vandan Ho

(to the Guru who constanly give me knowledge, to this Guru I bow down infinitely)

-Translated by Bhavnaben Bhakta

**Pranam: Mother & Father**

Maa also stressed the importance of respecting your parents. This is one constant that I've always noticed at all shibir or satsangs. Without your parents, you wouldn't be in the position you're in now. Especially those In the western world, those parents have made great sacrlfices. So then Maa asked "who does pranam to their parents each day?"

**Importance of Niyams**

Throughout the entire seven days at the shibir, Maa stressed the importance of niyams and discipline. If we look into the lives of Pujya Shri and Maa, we notice that right from



early childhood, they both practiced niyams. Niaym – a spiritual vow or goal leading to the divine path. Maa wouldn't eat or drink water if she didn't complete her mala. She would write a journal everyday of her thoughts or what might have transpired that day. That is why today, we have such a solid information base on both Pujya Maa and Prabhu. They both kept detailed, descrpitive and informative diaries/journals. She encourages the youth to do the same. After time, memories start to fade, and some special details you want to remember are lost. Reading the autobiography of Prabhuji and the first 4 to 5 years of Maa's life, it is like your sitting in the room watching these events live.

**Pranam**

Maa stressed the importance of pranam. She asked everyone to at least do 5 pranam as thelr niyam daily. Pranam is a special way of showing your devotion to God. Its very simple and the amount you can give to God is endless. What is most interesting about pranam is its not common among other saints. Pujya Maa does at least 225 pranam daily and has made pranam her trademark.

## Who is in control?

For the first time at a shibir/yatraa we had the use of walkie talkies. It was just an experiment to begin with. Shipra had one reciever and I had the other. Shipra was constantly with Maa taking care of her needs. If someone wanted to know where Shipra was, approximately 98% of the time she was with Maa. During the day, if Maa was at her room and something was needed, Shipra would page me through the receiver. I always made an attempt to sit in the back of the main hall in case a page came through. It came in very handy. Whenever Maa wanted to see someone or need something in particular, she would page me and I would do whatever was needed. One day, Shipra lost her reciever. We looked all over the campsite, but could not find it! I had mine working fine. During the day, I received a few pages. How was that possible if Shipra didn't have it? We asked everyone and no one had seen it. So I instantly assumed Maa had taken it and hide it. She is also probably the one who paged me. Shipra was looking for the walkie talkie.



She asked Anilbhai who was there, and then finally, laughing.... Maa confessed in taking the walkie talkies. She had hid them in her room. Maa said that we got too dependent on the walkie talkies and we were losing our focus. We made the talkies priority # 1 above anything else and it was controlling us instead of us controlling them. So after that day, we got rid of them for good.

## Maa is Perfection

When Maa asks you to do something, ... there is no need to think, hesitate or question. You do it immediately. Every word or gesture Maa gives to you has a significant meaning. Throughout the shibir, we heard many stories in the evening by Daxeshbhai of expereinces of devotees. Some who listened, some who didn't. They say perfection is non-realistic. Those who say that haven't met Pujya Maa Sarveshwari. Have faith, and Maa will always lead you in the right direction.

## Most Noteworthy...

When I went to Alaska Yatraa 1998, I had two goals in mind. One, become closer to

Maa Prabhu. Two, learn more about her life, of her history, and memorable experiences. For this shibir, I also had two goals. One, become closer to Maa Prabhu. Two, learn more details Prabhuji past childhood, sadhana and personal experiences.

On the very first day of the shibir, Maa called me into her room. She gave me a book and told me to read the first three chapters out loud. To my surprise, I was actually reading the English translated condensed version of "Prakash Ne Panthe" entitled–"STEPS TOWARDS ETERNITY." This is exactly what I was looking for. What better way to learn about prabhuji then read his autobiography?

The fruits of this shibir was being able to learn more about Pujya Shree Yogeshwarji. Many youth often hear stories/experiences about Prabhu from other devotees. We see his swaroop in the main hall. We read many of His quotes, sing his bhajans and listen to His audio tapes. But we never really get to see his history detailed. We don't see of how He came to be Self Realized and one with God.



Pujya Maa graciously presented "STEPS TOWARDS ETERNITY" as a gift to each youth after the show on Sunday. This is the best prasad Maa could have given.

**Final Thoughts.....**

The 2001 Youth Sadhana Shibir was a good learning process for me and many other youth. We did have some wonderful times with Maa Prabhu but we also made mistakes. It is now up to us to evaluate those mistakes, to see what could have been done better, and how certain situations could have been avoided. Hopefully with Maa–Prabhu's blessings, we will have the 2nd Youth Sadhana Shibir in Toronto next summer.

From the bottom of my heart I thank Pujya Maa–Prabhu for allowing me to participate in this rare event. I've been fortunate to attend many Shibirs, Yatraas, Satsangs, etc. with Maa. One factor remains, these functions are never duplicated, they are always once in a life time opportunities to be with Maa Prabhu.

This August 26, 2001 marked the first time in the history of North America that a youth Shibir was held. With approximately 60 youths

in attendance, and with the presence of Pujya Maa, all have said that this Youth Sadhana Shibir has been a grand success. May we pray to Pujya Maa that there will more shibirs like this in the future.

This is my fifth Shibir with Pujya Maa. With each Shibir, we are taught some new lesson in life. Maa particularly urged all youth to curtail drinking Coke. Ultimately, for those youth who would find it difficult to give up drinking coke, Maa even asked those to give up coke just once a week.

Maa also taught us that we should bow down to our parents everyday. She also said we should make an effort to do at least 5 pranams daily before going to school or going to work. These were 3 things Maa specifically asked of the youth.

I was fortunate to be able to see Maa personally 4 times during the Shibir. The first meeting with Maa proved to be one of the most memorable ones in my life. Since 1989, after my brother Anilbhai and my mom told me some stories about some of Pujya Shree Yogeshwar Bhagwan's personal experiences



from his autobiography written in Gujarati, entitled, "Prakashne Panthe", I have had a tremendous desire to read Pujya Shree's autobiography. However, since there was no English translation, I was not able to do so.

What interested me the most were Pujya Shree's personal experiences in meditation, his darshan of avatars, saints, yogis and sages and his personal experiments in sadhana. So, for a very long time, I have been praying silently and hoping that a translation would surface soon. But I kept waiting for over 12 years.

To my surprise, on the first day of the Shibir, Pujya Maa called Bhavanaben Bhakta and myself to her room. Suddenly she wrote down on her slate that Bhavanaben and I should read some pages of a book daily to the youth. Maa then opened a particular book and turned it to a specific page in the book and asked us to start reading. Since we started reading the book half open, we really had no idea as to the title of the book.

Suddenly, curiosity got the better of us and we sneaked a peak at the cover of the

book. When our eyes fell on the cover, it finally dawned on us that this was indeed the translated copy of Pujya Shree's Autobiography! At this moment, my heart skipped a beat. My joy knew no bounds. Years of prayer had finally materialized.

Only one copy of this book was made available during the Shibir. But, as if to surprise us even more, Pujya Maa then distributed a personally autographed copy of this book to every youth on the very last day of the Shibir. To Pujya Maa, I have this to say:

Thank you for this wonderful gift, this treasure of a lifetime. To read the life of saints, one is blessed indeed. To read the life of one's guru, one is blessed even more. I will always treasure this gift and I promise to read this book over and over again. Pujya Maa, now my second prayer will start. Now I pray that the complete autobiography of Pujya Shree will be translated into English. After reading this shortened translation, the heart only aches for the full translation. Thank you Maa. Glory unto Thee Mother!! Victory unto Thee!!! Jai Krupalu Maa. □



### પ્રથમ યુથ સાધના શિબિર

# સફળ પ્રયોગ

યોગેશ લાડ, ટોરેન્ટો–કેનેડા.

જય શ્રી હરિ,

પૂ. મા–પ્રભુની કૃપા, પ્રોત્સાહન અને ઉપસ્થિતિથી યુવકોની સૌ પ્રથમ વારની સાધના શિબિર સફળ બની. જેમ જેમ એક એક દિવસ પસાર થતો ગયો, તેમ તેમ બધા જ યુવકો એક એક ડગલું ભરી પૂ. માની વધારે ને વધારે નજીક આવતા ગયા. એમાં અમને પૂ. માનાં વિવિધ સ્વરૂપોનાં દર્શન થયાં. જેવા કે પૂ. મા એ જ પ્રભુ, એ જ જગદંબા. શિક્ષક મિત્ર, ગુરુ, પ્રેરણામૂર્તિ, પથ-પ્રદર્શક અરે, સર્વ કાંઇ. મનેય પૂ. માનાં આ બધાં જ સ્વરૂપોનું દર્શન થયું. પરંતુ આ બધામાં પૂ. માનું મેં કદી નહિ કલ્પેલ એવું મહત્ત્વનું દર્શન તો એ હતું કે અરે, આમને ૧૩ વર્ષ સુધી હું કેમ ઓળખી ન શક્યો !

પૂ. મા જ્યારે પોતે જ પ્રભુના સ્વરૂપમાં પરિવર્તન પામતાં હોય એવા કેટલાય પ્રસંગો છે. મેં સ્થૂલ રીતે એવું અનુભવ્યું છે કે પૂ. યોગેશ્વરજી સ્વયં પૂ. મા દ્વારા પ્રકાશિત થઇ રહ્યા હોય. ઘડીમાં મને પૂ. મા દેખાય તો ઘડી પછી પૂ. ગુરુદેવ પ્રભુ. બધી શિબિરો, યાત્રાઓ, સત્સંગો અને પૂ. મા સાથેના બીજા કાર્યક્રમોમાં, આ પૂર્વે પૂ. માનું આ રીતે પ્રકાશિત થતું સ્વરૂપ મેં જોયું નથી. એથી તો હવે આપણે પ્રશ્ન પૂછીએ કે પૂ. મા કોણ છે? તો તેનો સીધોસાદો ઉત્તર છે, 'મા એ જ પ્રભુ, અને પ્રભુ એ જ મા.'

કેલગરીના એરપોર્ટ ઉપર ૬ ઓગસ્ટ ૨૦૦૦ ના રોજ પૂ. મા પાસે જે થોડા યુવાનો હતા, તેમાંનો હું એક તેમની પાસે હતો. પૂ. મા બેઠાં બેઠાં પોતાના જપ કરી રહ્યાં હતાં. બધા શિબિર પછી ન્યુજર્સી પાછા જવાના વિમાનની રાહ જોઇ રહ્યાં હતાં. બાકીના યુવકો અને ભક્તો પૂ. માની આસપાસ જમીનપર બેસી બ્રેગ કીકની પૂરી થયેલ શિબિરમાં તેઓએ પસાર કરેલ સમયના સ્મરણોમાં ખોવાયેલ હતા. પૂ. મા કેટલીક રમૂજ કરી રહ્યાં હતાં. એકાએક ઘણા બધા યુવકોના છૂટા પડવાના દુઃખથી વિષાદમય બનેલ વાતાવરણને પૂ. માએ હળવું કરી નાંખ્યું. વાર્તાલાપનો વિષય એકદમ બદલાઇને ફક્ત એકલા યુવાનોની શિબિર કરી હોય તો કેવું, બની ગયો. પહેલાં તો આ સૂચન મને કેવળ તરંગ જેવું લાગ્યું; પરંતુ પછી પૂ. માએ તે સંબંધે ગંભીરતાથી વાત કરવા માંડી. તેઓએ ઝડપથી તે અંગેની માર્ગદર્શિકા લખી અને કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા. જાણે કે પૂ. મા–પ્રભુએ એની રૂપરેખા જ દોરી દીધી. આમ ઉત્તર અમેરિકામાં ફક્ત યુવાનોની સાધના શિબિર કરવી એનું બીજારોપણ થયું. પાછલા ઓગસ્ટ, ૨૦૦૦ માં ટોરેન્ટોના શ્રી યોગેશ્વર યુવક ધ્યાનકેન્દ્રની બેઠકમાં એવું ઠરાવાયું કે ૨૦૦૧ ના ઉનાળામાં ફક્ત યુવકોની જ એક શિબિરનું આયોજન કરવામાં આવે એવો પ્રસ્તાવ પૂ. મા સમક્ષ મૂકવો. જવાબદારીઓની વહેંચણી જુદાં જુદાં યુવકોને કેવી રીતે કરવી વગેરે દ્વારા શિબિરની ઝડપથી તૈયારીઓ કરવા માંડી. શિબિરના સ્થળ, સુશોભન, ભોજન તેમ જ કાર્યક્રમની સૂચિ અંગે વિચારણા થઇ.

મુખ્ય ચિન્તાનો વિષય એ હતો કે શિબિરને યોગ્ય અને અનુકૂળ સ્થળ મળતું ન હતું. પૂ. માની અપેક્ષા પ્રમાણેનું શિબિરને યોગ્ય વાતાવરણવાળું સ્થળ અને તેમાં જોડાનારાઓને ભરવાની



થતી યોગ્ય રકમ અંગે જો નિર્ણય ન થાય, તો પૂ. માએ જે બીજારોપણ કરેલું તે વ્યર્થ જાય ને કદી પાંગરે નહિ.

પૂ. માની કૃપાથી સદ્‌ભાગ્યે અમને એક સ્થળની પ્રાપ્તિ થઇ તે કેલગરીની સરખામણીમાં વધારે સારી તો નહિ, પણ તેની બરોબરી કરે તેવી હતી. જે બે યુવાનોએ આ સ્થળ પહેલીવાર જોયું, તેમાં હું પણ હતો. એ સ્થળમાં મેં જેવો પ્રવેશ કર્યો કે મને લાગ્યું કે પૂ. માને આ સ્થળમાં પ્રાપ્ય સુવિધાઓ ગમશે.

તે પછી સપ્ટે.–૨૦૦૦ માં યુવાનોએ પૂ. મા જ્યારે ન્યુ જર્સીમાં હતાં ત્યારે આ પ્રસ્તાવ તેઓ સમક્ષ રજૂ કર્યો. તે મહિનાના આખરમાં પૂ. માએ તે મંજૂર રાખ્યો. પૂ. મા–પ્રભુનો ખૂબ ખૂબ આભાર કે તેઓની કૃપા અને માર્ગદર્શનના પરિણામે આ શક્ય બન્યું.

પૂ. માના ઉત્તર અમેરિકાના બધા જ યુવાન ભક્તોએ સાથે મળી શિબિરના આયોજનનું કામ કર્યું. આ શિબિર તો પૂ. માના બધાં જ બાળકોએ ભેગા મળી આયોજીત કરી હતી, નહિ કે કોઇ વ્યક્તિ કે સમૂહે. આખરે વાવવામાં આવેલ બીજ પાંગરી તેના છોડ ઉપર સરસ મજાનાં ફૂલ લહેરાશે. હવે જરૂર હતી બાકીના દસ મહિના દરમ્યાન તેને પાણી પાઇ તડકો પૂરું પાડવાની.

### પૂ. માનું પ્રથમ દર્શન

શિબિરના પહેલા દિવસે બધા જ યુવાનો પૂ. માના ઉતારાના પ્રવેશદ્વાર આગળ હારબંધ ગોઠવાઇ ગયા. મુખ્ય હોલને 'સત્યપથ' નામ આપવામાં આવેલું. ધૂન ગાતા ગાતા અમે પૂ. માના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. સવારનું વાતાવરણ શાંત હતું. આકાશ વાદળ છાયું હતું. પૂ. માનું દર્શન ન્યુ જર્સીમાં સપ્ટે.–૨૦૦૦ માં મેં કરેલું, તે પછી થયું ન હતું તે પછી પૂ. મા ભારતમાં

પૂ. ગુરુદેવના સ્મૃતિભવનના આયોજનમાં વ્યસ્ત હતાં. તે ઉપરાંત, ભૂકંપના રાહત કાર્યોમાં પણ પૂ. મા ખૂબ રોકાયેલાં હતાં એથી જ તો યુથ શિબિરમાં તેઓની હાજરી ખૂબ મહત્ત્વની બની ગઇ હતી.

યુવાનોની હરોળમાં હું છેલ્લો ઊભેલો હતો. મારી આંખો પૂ. માનું દર્શન કરે તેની પહેલી ક્ષણના ભાવોમાં હું ખોવાયેલો હતો. ઘણા બધા દિવસોના આયોજન પછી શિબિરનો આ પહેલો દિવસ પ્રાપ્ત થયો હતો.

### ત્રણ મહત્ત્વની ઘટનાઓ

અંતરિક્ષમાંથી ચોકલેટ–પીપરમીટની વર્ષા.

શુક્રવારની સાંજે, પૂ. માને સરપ્રાઇઝ આપવા માટે યુવાનો ભેગા થયા. પૂ. માએ જે સંદેશાઓ યુવાનોને મોકલ્યા હતા, તે તેઓને ખૂબ સ્પર્શી ગયા. સાંજની પ્રાર્થના પછી યુવકો ભેગા થઇને બે ભાગમાં વહેંચાઇ ગયા. છોકરાઓ એક બાજુ અને છોકરીઓ બીજી બાજુ. ધીમે પગલે સહુ માના ઉતારાની બાલ્કની હતી તેની નીચેની અગાસીમાં આવ્યા અને ધીમેથી 'ૐ નમો ભગવતે યોગેશ્વરાય'ની ધૂન ગાવા લાગ્યા. પછી ઢોલક અને મંજીરા પણ તેમાં જોડાયાં. પછી મોટે મોટેથી ધૂન ગાવા લાગ્યા. જુસ્સો વધતો ગયો. આમ કરવા પાછળ યુવાનો હેતુ એ જ હતો કે પૂ. મા બાલ્કનીમાં પધારી, બાળકોનો તેમના માટેનો પ્રેમ કેવો છે તે નિહાળે. આમ ધીરજપૂર્વક પાંચ મિનિટ ગાયાં કર્યું. પછી વધુ જોરથી ધૂન ગાવાનું નક્કી કર્યું. એકદમ મોટેથી ગવાતી ધૂન સાંભળી પૂ. મા એકદમ બહાર આવ્યાં. બધા જ યુવાનોને આમ એકત્રિત થયેલાં જોઇ પૂ. મા આનંદથી ઉત્તેજિત થઇ ગયાં. તેઓ હસી પડયાં અને આ દૃશ્ય માણી રહ્યાં. પછી તેઓ ધીરેથી અંદર



ગયાં અને એક મોટી પીપરમીટ ભરેલી સફેદ કોથળીને ઊંચકી લાવ્યાં, અને નીચે અગાસીમાં એકત્રિત થયેલા યુવાનો ઉપર તેની વર્ષા કરવા માંડયાં. બાલ્કનીની પાળ પર ઝૂકીને જેટલે દૂરસુધી ફેંકી શકાય તેટલે દૂરસુધી ફેંકી અમારે માટે તો સ્વર્ગમાંથી વરસતા પ્રસાદની વર્ષા બની રહી. આમ તે દિવસે પૂ. મામાં સહુને કેન્ડી-નો પ્રસાદ પ્રાપ્ત થયો.

તે દિવસે રાતે હું પૂ. માને મળ્યો, તો તેઓને આટલાં ઉછળતા મેં અગાઉ કદી જોયાં ન હતાં. અગાસીમાં વેરાયેલ રહી ગયેલ કેન્ડી વીણવા હું ગયો તો મારા આશ્ચર્ય વચ્ચે પૂ. માને મેં ત્યાં જોયાં. તેઓએ કહ્યું કે છોકરીના સ્કર્ટની જેમ તારી કફનીનો ખોળો ધર. તે પછી પૂ. મા બાલ્કનીમાંથી ખોબે ખોબે કેન્ડી નાંખવા માંડયાં. તે દિવસના અમારા સંબંધ વિષે એટલું જ વર્ણવી શકાય–'મા અને એમનાં બાળકો.'

### પૂ. મા માટે કસોટીરૂપ–પ્રશ્નોત્તરી

આ શિબિરની સૌથી વધુ રસદાયક ઘટના હોય તો પૂ. મા સાથેનો પ્રશ્નોત્તરીનો સમય. યુવકો પોતાના પ્રશ્નો કાગળની ચબરખી પર લખીને એક પેટીમાં નાંખતા. પૂ. મા તેના જવાબ લખી દેતાં અને કોઇક તે વાંચી જતું. આથી દક્ષેશભાઇએ પૂ. માને કહ્યું, જો આમ કરશો તો પ્રશ્નોત્તરીની મઝાજ મરી જશે. આપે તો તેને જીવંત બનાવવી જોઇએ. એથી જ્યારે આપે લખેલ આ જવાબો વંચાય ત્યારે આપ હાજર રહો. પૂ. મા તે પ્રમાણે સંમત થયાં. આથી અમે એક તંબુમાં ગયા જે હજુ સરખો ઊભો પણ કરાયેલ ન હતો. ત્યાં એક પડેલ હીંચકા ઉપર પૂ. મા બેસી ગયાં ને હજી સરખો જોડવામાં પણ આવેલ ન હતો.

પ્રશ્નોત્તરીનો સમય સરસ રીતે પસાર થયો. પ્રશ્નો વિચારીને

પૂછવામાં આવતા જેથી તેના ઉત્તરો આપતાં વિચારવું પડે. યુવાનોને આથી પૂરક પ્રશ્નો પૂછવાની પણ તક મળતી. તેના પરિણામે મહત્ત્વના અને ઊંડાણવાળા પ્રશ્નો અંગે સરસ ચર્ચા થતી. પૂ. માને પણ આ કાર્યક્રમમાં આનંદ આવતો. પાછળથી જાણવા મળ્યું કે પૂ. માએ મૌન ધારણ કર્યું. તે પછી કદાચ આ પહેલો જ પદ્ધતિસરનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ તેઓએ સંચાલિત કર્યો હોય.

### સુખનાં બે સ્વરૂપો–હાસ્ય અને આંસુ

શિબિરના છેલ્લા દિવસે શિબિરાર્થીઓએ પ્રભુના જીવન પર આધારિત નાટ્ય પ્રસંગો, પ્રાર્થનાઓ, ગરબા, ભજનો અને વક્તવ્યો રજૂ કર્યાં. અમે પ્રભુને પ્રાર્થના કરતા હતા કે છેલ્લા દિવસે તડકો ને ઉઘાડ નીકળે તો સારું, કારણ કે અમે જેટલી સંખ્યામાં માણસોની હાજરીની અપેક્ષા રાખતા હતા, તે હોલમાં સમાય શકે તેમ ન હતી. બન્યું પણ એવું જ કે છેલ્લો દિવસ શિબિરના બધા જ દિવસ કરતાં સૌથી વધુ ઉઘાડ ને તડકાવાળો હતો.

સવારના ૯ થી ૧૨ નો બધો જ સમય મેં બહાર તંબુ ઊભો કરવામાં ને તેમાં સુશોભન કરવામાં પસાર કર્યો. બહાર બીજા માણસોની મદદ પણ મળી રહી એટલે ઘણો સમય બચ્યો. કાર્યક્રમ શરૂ થયો તે પહેલાં પૂ. મા આવ્યાં અને નજર ફેરવી ગયાં. મારે ખરે જ તંબુમાં પૂ. ગુરુદેવ પ્રભુનું સ્વરૂપ જોઈતું હતું; પરંતુ તે શક્ય ના લાગ્યું. પરંતુ પૂ. માએ એની નોંધ લઈ લીધી અને સ્ટેજના બરોબર વચલા ભાગમાં તેને ગોઠવી દીધું.

તે દિવસનો સાંજનો કાર્યક્રમ સરસ રીતે પૂર્ણ થયો. નાટકમાં પાત્રો ભજવનારાઓએ કોઈ ભૂલ ના કરી, તેથી તે ખૂબ સફળ



રહ્યો. પૂ. મામાં તે દિવસે બે પ્રકારના સુખોનું દર્શન થતું હતું. કેટલાક રમૂજી નાટ્યપ્રસંગો જોઈને પૂ. મા ખડખડાટ હસી પડતાં અને સ્મિતસાથે તાળીઓ પાડતાં હીંચકાપરની તેમની બેઠક પર ઊભાં થઈ જતાં. તો અંતમાં "ઈતની શક્તિ દો" ભજનના શબ્દો સાંભળતાં, પૂ. માની આંખોમાંથી અશ્રુબિંદુઓ ટપકતાં જોયાં. પૂ. ગુરુદેવ પ્રભુના જીવનની ઘટનાઓના રજૂઆતના પ્રસંગોએ પરસ્પર વિરોધી એવા સુખના સ્વરૂપનાં આમ દર્શન થયાં. હું માનું છું કે પૂ. માએ ઘણા સમય પહેલાં વાવેલાં બી હવે આખરે પાંગર્યાં ખરાં.

### સાર ગ્રહણ

કોક પીવાની ટેવ ઘટાડી એનો સંપૂર્ણ ત્યાગ કરો.

સત્સંગ બેઠક પૂરી થતાં પૂ. માએ યુવાનોને પૂછ્યું તમારામાં કોક કોણ પીએ છે? બધાં જ પીતા હોય પણ ત્રણ જણે આંગળી ઊંચી કરી. તે પછી પૂ. માએ આ કોકનું પીણું કેવું નુકસાન કરે છે, તે વર્ણવ્યું. દાખલા તરીકે તમે એક ખીલીને કોક ભરેલા વાસણમાં ડુબાડી રાખો તો થોડા દિવસો પછી તે તેમાં ઓગળી જશે. વળી તમારાં હાડકાં, દાંત અને શરીરના અંદરના ભાગોને તે કેવું નુકસાન કરે છે, તે કહ્યું. છેલ્લે મહત્ત્વની જે વાત કહી તે એ હતી કે તમે તેની ખરીદી પાછળ દર મહિને જે પૈસા ખર્ચો છો, તે બચાવી જરૂરતવાળાને મદદ તરીકે આપી શકાય. જેમ કે ભારત મોકલીને. પૂ. માએ શિબિરાર્થીઓ પાસે માગણીમાં કોક પીવાનું છોડવાનું કહ્યું. પરંતુ માગણી હળવી કરતાં કહ્યું–પહેલા અઠવાડિયામાં એક દિવસ, બીજા અઠવાડિયે–બે દિવસ કોક ના પીવો. (એમ કરતાં કોક પીવાની આદતમાંથી મુક્તિ મેળવી શકાશે.

ઘરેથી નિશાળે જતાં અને નિશાળેથી ઘરે નીકળતાં
પ્રાર્થના કરો.

નિશાળે જવા માટે નીકળતાં પહેલાં, અને નિશાળેથી ઘરે પાછા ફરતાં ગુરુવંદનાની પ્રાર્થના રોજ કરો. પ્રાર્થનાનું ભાષાંતર વાંચતાં સમજાશે કે એનો ખાસ અર્થ અને મહત્ત્વ છે. તમે કદી જાણતા નથી કે દિવસ દરમ્યાન શું થવાનું છે. તે તમોને આવનાર મુશ્કેલીઓ પાર કરવામાં મદદરૂપ થશે.

અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો,
સદાયે જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો.

માતાપિતાને પ્રણામ કરો.

પોતાનાં માતાપિતાનો આદર કરવા ઉપર પૂ. માએ ભાર મૂક્યો. દરેક શિબિર અને સત્સંગમાં પૂ. માને કાયમ માટે આ વિષય ઉપર ભાર મૂકતાં મેં જોયાં છે. મા–બાપની મદદ વગર તમે તમારી આજની પરિસ્થિતિમાં કદી ન હોઈ શકત. ખાસ કરીને વિદેશમાં રહેતા મા–બાપોએ ઘણો ભોગ આપ્યો છે. તો પૂ. માએ પૂછ્યું. તમારામાંથી તમારા મા–બાપને કોણ રોજ પ્રણામ કરે છે? બહુ થોડાઓએ જ હાથ ઊંચા કર્યા. તો પૂ. માએ વિનંતિ કરી હવે પછી દરેક જણ પોતાના માતાપિતાને પ્રણામ કરે. જો તમે શારીરિક રીતે પ્રણામ કરતાં સંકોચ અનુભવતા હો, તો મનથી તો કરજો જ.

નિયમોનું મહત્ત્વ

શિબિરના સાત દિવસો દરમ્યાન પૂ. મા નિયમોના પાલન અને શિસ્ત ઉપર ભાર મૂકતાં જ રહ્યાં. પૂ. ગુરુદેવ અને પૂ. માના જીવનનું અવલોકન કરીશું તો જણાશે કે છેક નાનપણથી જ



તેઓ નિયમોનું પાલન કરતાં. નિયમ–એક આધ્યાત્મિક સંકલ્પ–પ્રતિજ્ઞા–જે તમને પ્રભુના માર્ગે લઈ જાય. પોતાની માળાઓ પૂરી ના થાય ત્યાંસુધી પૂ. મા ન પાણી પીતાં કે ખાતાં. દરરોજ પોતાને સ્ફુરેલા વિચારો કે દિવસ દરમ્યાન ઘટેલી મહત્ત્વની ઘટનાઓની નોંધ તેઓ લખતાં. તેથી તો પૂ. મા અને પૂ. ગુરુદેવના જીવન વિષેની સબળ માહિતી ઉપલબ્ધ બની છે. તેઓએ વિગતવાર વર્ણનાત્મક માહિતીસભર રોજનીશીઓ લખી છે. એથી તો આપણને તેનું અનુકરણ કરવા કહી રહ્યાં છે. (કારણ કે) સમય જતાં સ્મૃતિ ઝાંખી પડી જાય છે. અને તમે જે ખાસ મહત્ત્વની વિગતો યાદ કરવા માગતા હો તે નષ્ટ થઈ જાય. પૂ. ગુરુદેવની આત્મકથા કે પૂ. માના શરૂના ચાર–પાંચ વર્ષની નોંધો વાંચીએ તો લાગે કે તમે તમારા ઓરડામાં બેઠાં બેઠાં આ ઘટનાઓને જીવંત થતી નિહાળી ના રહ્યાં હો!

પ્રણામ

પૂ. મા પ્રણામ કરવા ઉપર ખાસ ભાર મૂકે છે. તેઓ રોજના નિયમ પ્રમાણે ઓછામાં ઓછા ૫ પ્રણામ કરવાનું કહે છે. પ્રભુ પ્રત્યેની આપણી ભક્તિ પ્રદર્શિત કરવાની આ ખાસ પદ્ધતિ છે. તે બહુ સરળ છે અને પ્રભુને આપી શકો તેવું તો ઘણું છે. પ્રણામની ખાસ વિશેષતા એ છે કે બીજા સંતોમાં એ પ્રચલિત નથી. પૂ. મા તો રોજના ૨૨૫ પ્રણામ કરે છે અને પ્રણામથી એમણે પોતાની પિછાણ બનાવી છે.

વૉકીટૉકીની તિલાંજલિ

આ શિબિરમાં પહેલી જ વાર વૉકી–ટૉકીનો ઉપયોગ કરવામાં આવ્યો. આ એક અખતરો જ હતો. શિપ્રાબેન પાસે એક રીસીવર રહેતું અને બીજું મારી પાસે. શિપ્રાબેન તો પૂ. માની

સારસંભાળ રાખવા સતત તેમની સાથે રહેતાં. જો કોઇ જાણવા માગે કે શિપ્રાબેન અત્યારે ક્યાં છે તો લગભગ ૯૮% જેટલો સમય પૂ. માના સાન્નિધ્યમાં જ હોય. દિવસ દરમ્યાન પૂ. મા પોતાના ઉતારા પર હોય ત્યારે તેઓને કંઇ જોઇતું હોય, તો તુરત જ મને તેઓ રીસીવર પર સંદેશો પાઠવતાં. એથી હું હંમેશાં મુખ્ય હોલના છેવાડે બેસવાનો પ્રયત્ન કરતો કે રખેને પૂ. માનો કોઇ સંદેશો આવે. તે ખૂબ સુલભ રહ્યું. પૂ. મા જ્યારે પણ કોઇને મળવા કે કોઇ ખાસ વસ્તુ જોઇતી હોય તો શિપ્રાબેન મને સંદેશો મોકલતાં અને હું તે પ્રમાણે વ્યવસ્થા કરી દેતો. એક દિવસ એવું બન્યું કે શિપ્રાબેનથી એમનું રીસીવર ખોવાઇ ગયું. શિબિરમાં બધે શોધ્યું પણ જડયું નહિ. પણ મારું તો સરસ ચાલતું હતું. દિવસ દરમ્યાન થોડા સંદેશાઓ મને મળતા રહ્યા. આ કેવી રીતે શક્ય બને? શિપ્રા પાસે તો તે હતું નહિ. અમે બધાને પૂછી જોયું, પરંતુ કોઇએ તે જોયું ન હતું. એટલે મેં એકદમ ધારી લીધું કે પૂ. માએ જ તે લઇને સંતાડી દીધું હોય. કદાચ તેઓએ જ મને સંદેશા મોકલ્યા હોય! શિપ્રાબેને તો બધે જ તેની શોધ કરેલી. તે દિવસે સાંજે શિપ્રાબેન પૂ. માના ઓરડામાં આ વોકીટોકી શોધી રહ્યાં હતાં. તે વખતે પૂ. માના ઓરડામાં હાજર શ્રી અનિલભાઇને પણ પૂછ્યું. અંતે પૂ. માએ હસતાં હસતાં કબૂલ્યું કે તેઓએ તે લીધું છે. પોતાના રૂમમાં તે સંતાડયું છે. પૂ. માએ કહ્યું કે આ વોકીટોકી ઉપર તમે એટલાં બધાં વ્યસ્ત રહેતાં કે જરૂરી વસ્તુથી તમારું ધ્યાન વિચલિત રહેતું? "અમે જાણે વોકીટોકીને શિબિરમાં પ્રથમ પ્રાથમિકતા ના દઇ દીધી હોય! તેથી અમે તેના ઉપર શાસન કરીએ તેના સ્થાને અમારા ઉપર તે શાસન કરતું થઇ ગયેલું." એટલે તે દિવસ પછી અમે તેને તિલાંજલિ આપી.



**પૂર્ણતાનું બીજું સ્વરૂપ–એટલે મા.**

પૂ. મા જ્યારે તમને કંઇ કરવાનું કહે તો તે અંગે વિચાર કરવાની, સંકોચ અનુભવવાની કે પ્રશ્ન પૂછવાની જરૂર નથી. તમારે તે તુર્ત જ કરવી જોઇએ. પૂ. મા જે દરેક શબ્દ કહે કે સંકેત કરે તેની પાછળ કંઇ ને કંઇ ગૂઢ ભાવાર્થ રહેલો હોય. શિબિર દરમ્યાન રોજ સાંજે શ્રી દક્ષેશભાઇ પાસેથી ભક્તોના આવા અનુભવોની ઘણી વાતો સાંભળી. કેટલાકે તે સાંભળી તો કેટલાકે નહિ. તેઓ પૂર્ણત્વ એ અ–વાસ્તવિક છે. જેઓ આમ કહે છે તેઓ પૂ. મા સર્વેશ્વરીને મળ્યા લાગતા નથી. તમે શ્રદ્ધા રાખો અને જુઓ કે પૂ. મા તમને હંમેશ સાચા રાહે દોરી જાય છે કે નહિ.

**ખાસ નોંધનીય**

૧૯૯૮ માં હું જ્યારે એલાસ્કા યાત્રામાં જોડાયેલ, ત્યારે મારા મનમાં બે લક્ષાંકો હતાં. પહેલું લક્ષાંક પૂ. મા–પ્રભુનું નજીકનું સાન્નિધ્ય પામવું અને બીજું પૂ. માના જીવન વિષે વિગતે જાણવું. તેઓનું પૂર્વજીવન અને તેમના યાદ રાખવાયોગ્ય અનુભવો પણ જાણવા. આ શિબિર વિષે મારાં એવાં જ બે લક્ષાંકો હતાં. પહેલું પૂ. માનું નજીકથી સાન્નિધ્ય માણવું અને બીજું પૂ. ગુરુદેવના જીવનની બાળપણની, સાધનાની અને અંગત અનુભવોની વધુ જાણકારી પ્રાપ્ત કરવી.

શિબિરના પહેલા દિવસે જ પૂ. માએ મને તેઓના ઓરડામાં બોલાવ્યો. તેઓએ મને એક પુસ્તક આપતાં કહ્યું કે આનાં ત્રણ પ્રકરણ મોટેથી વાંચ. મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે હું વાંચી રહ્યો હતો તે પ્રકાશના પંથેનો અંગ્રેજી અનુવાદ હતો. તેનું શીર્ષક

હતું અનંતતાપ્રતિ પ્રયાણ 'Steps Towards Eternity'. હું આની જ શોધ કરી રહ્યો હતો. એમની આત્મકથાના વાંચન કરતાં પૂ. ગુરુદેવ વિષે વધુ સારું જાણવાનું બીજું શું હોઇ શકે? આ શિબિરની મોટામાં મોટી ફલશ્રુતિ હોય તો તે કે પૂ. શ્રી યોગેશ્વરજી વિષે ઘણું વધારે જાણી શક્યા. બીજા ભક્તો પાસેથી ઘણા યુવકો શ્રી યોગેશ્વરજી વિષેની વાતો અને અનુભવો સાંભળતા. અમે તેઓ-શ્રીના મુખ્ય હોલમાંના સ્વરૂપનું દર્શન પણ કરીએ છીએ. તેમના લખાણોનાં ઘણા અવતરણો વાંચીએ છીએ, તેઓનાં રચેલાં ભજનો ગાઈએ છીએ અને તેઓની ઓડિયો ટેપો પણ સાંભળીએ છીએ. પરંતુ તેઓના જીવન વિષેની વિગતોથી ખરે જ અજાણ છીએ. અમને એ ખબર નથી કે તેઓ આત્મસાક્ષાત્કારી કેવી રીતે બન્યા અને પરમાત્મા સાથે તેઓએ ઐક્ય કેવી રીતે પ્રાપ્ત કર્યું.

પૂ. માએ રવિવારે કાર્યક્રમની સમાપ્તિ પછી ઉદારતાપૂર્વક દરેક શિબિરાર્થીને 'સ્ટેપ્સ ટવાર્ડ્ઝ ઇટરનિટી' પુસ્તક ભેટ આપ્યું. પૂ. માએ આપેલો આ સર્વશ્રેષ્ઠ પ્રસાદ લેખી શકાય.

**અંતિમ વિચારો**

સને ૨૦૦૧ ની આ યુથ સાધના શિબિર મારા અને બીજા અનેક યુવાનો માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની શિબિર બની ગઇ. અમને પૂ. મા–પ્રભુ સાથેનું કેટલુંક અદ્દ્ભુત સાન્નિધ્ય પ્રાપ્ત થયું, તો અમારાથી કેટલીક ભૂલોય થઇ. આ ભૂલો અંગે વિચારણા કરી તે કેમ સુધારવી તે અમારા પર આધાર રાખે છે, જેથી આનાથી વધારે સારું થઇ શક્યું હોત. અને કેટલીક પરિસ્થિતિઓ નિવારી શકાઇ હોત.

આશા રાખું કે પૂ. મા–પ્રભુની કૃપાથી અમે આવી જ બીજી



યુવા શિબિર આવતા ઉનાળામાં ટોરન્ટોમાં યોજી શકીએ.

આ અસાધારણ પ્રસંગમાં ભાગ લઇ શકવાની મને અનુકૂળતા કરી આપવા બદલ પૂ. માનો હૃદયપૂર્વકનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. એ ખરું છે કે પૂ. માની ઘણી બધી શિબિરો, યાત્રાઓ, સત્સંગ કાર્યક્રમો વગેરેમાં ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. એક મહત્ત્વની વાત બાકી રહે છે તે એ છે કે આ કાર્યક્રમો કદી બેવડાતા નથી. તેઓ જીવનમાં હંમેશ એકવાર જ પૂ. મા–પ્રભુનું સાન્નિધ્ય પૂરું પાડવાની તક આપતા હોય છે. જય શ્રી હરિ.

○

"મને મળેલાં સ્ત્રીસંતોમાં સર્વશ્રેષ્ઠ કહી શકાય એવાં સંત મા સર્વેશ્વરી છે." યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫ ૦૦૧.

# શિબિર અંગે પ્રતિભાવ

હિતેશ લાડ, ટોરોન્ટો–કેનેડા

[નોંધ : શ્રી હિતેશ લાડના અંગ્રેજી લેખનો અનુવાદ. –તંત્રી]

ઉત્તર અમેરિકાના ઇતિહાસમાં પ્રથમવાર જ યુવા શિબિર અહીં ભરાવાથી આ ૨૬ મી ઓગસ્ટ, ૨૦૦૧ નો દિવસ નોંધનીય બની ગયો. તેમાં પૂ. માની ઉપસ્થિતિ ઉપરાંત ૬૦ જેટલા યુવાઓ તેમાં જોડાયા. બધાઓએ કહ્યું કે આ યુવા સાધના શિબિર ખરે જ બહુ સફળ રહી. પૂ. માને પ્રાર્થના કરીએ કે ભવિષ્યમાં બીજી વધારે આવી શિબિરો યોજાય.

પૂ. માના સાન્નિધ્યમાં મારી આ પાંચમી શિબિર છે. દરેક શિબિરમાં આપણને જીવનમાં કંઇ ને કંઇ નવું પૂ. મા શીખવતાં રહે છે. પૂ. માએ બધા જ યુવક–યુવતીઓને ખાસ કરી કોક પીવાપર કાપ મૂકવા અનુરોધ કર્યો. આખરે પૂ. માએ છૂટછાટ મૂકતાં એમ પણ કહ્યું કે જેઓને માટે એક સાથે આ પીણું છોડવું અઘરું હોય, તેઓ કમસે કમ અઠવાડિયામાં એક દિવસ કરી ક્રમે ક્રમે છોડે. પૂ. માએ એ પણ શીખ આપી કે તમારા માતાપિતાને રોજ પ્રણામ કરો. કામ પર કે શાળાએ જતાં પહેલાં દરરોજ ઓછામાં ઓછા પ્રભુને ૫ પ્રણામ કરીને જવાનો પ્રયત્ન તો કરો. આ ત્રણ ખાસ બાબતો જીવનમાં આચરણમાં મૂકવા પૂ. માએ યુવાનોને અનુરોધ કર્યો.

શિબિર દરમ્યાન અવારનવાર પૂ. માને અંગત રીતે મળવા સદ્‌ભાગી થયો. આમાં પૂ. મા સાથેનું મારું પહેલું મળવાનું



જીવનની યાદગાર ઘટના સાબિત થઇ. સને ૧૯૮૯ થી મારા ભાઇ અનિલભાઇ અને માતાજી પાસેથી પૂ. શ્રી યોગેશ્વર પ્રભુના સાધનાત્મક જીવનના અનુભવોની વાતો હું સાંભળતો. આ વાતો તેઓએ પૂ. મહાત્માજીની ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયેલ– 'પ્રકાશના પંથે' આત્મકથામાં વાંચેલ. આ સાંભળી પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા વાંચવાની મને તીવ્ર ઇચ્છા જાગેલી. પરંતુ તે આત્મકથાનું અંગ્રેજીમાં ભાષાંતર થયેલું ન હોવાથી હું તે વાંચવા શક્તિમાન થયેલ નહિ, (કારણ કે મને ગુજરાતી ભાષા વાંચતાં આવડતી નથી.)

મને સૌથી વધારે રસ તો પૂ. શ્રીના ધ્યાનના અંગત અનુભવો; સંતો, યોગીઓ, ઋષિઓ અને દેવી–દેવતાઓનાં તેમને થયેલ દર્શનો તેમ જ તેમના વ્યક્તિગત સાધનાત્મક પ્રયોગો વિષે જાણકારી મેળવવામાં હતો. તેથી મનમાં ને મનમાં હૃદયથી છેલ્લાં બાર વર્ષથી હું પ્રભુને પ્રાર્થના કર્યા કરતો કે જલ્દીથી તેઓની આત્મકથા અંગ્રેજીમાં પ્રસિદ્ધ થાય. મારા આશ્ચર્ય વચ્ચે શિબિરના પહેલા દિવસે જ, શ્રી ભાવનાબેન અને મને પૂ. માએ બોલાવ્યાં. એકાએક તેઓએ પાટીમાં લખ્યું કે શ્રી ભાવનાબેન અને મારે રોજ ચોપડીમાંથી થોડાં પાનાં શિબિરાર્થીઓ સમક્ષ વાંચવાં. પછી પૂ. માએ એક ખાસ પુસ્તક ઊઘાડી તેનું ચોકસ પાનું ખોલી, અમને વાંચવાનું શરૂ કરવા કહ્યું. પુસ્તક અડધેથી ઊઘાડીને અમને આપવામાં આવેલું એટલે તે પુસ્તક ખરેખર શા વિષે છે ને તેનું શીર્ષક શું છે તે અમે જાણી શકેલ નહિ.

એકાએક કુતૂહલવશ પુસ્તકના મુખપૃષ્ઠપર અમારાથી નજર ગઇ. અમારી આંખોએ જ્યારે તે જોયું તો આખરે અમને ભાન

થયું કે અરે, આ તો પૂ. ગુરુદેવ પ્રભુની આત્મકથાનું અંગ્રેજી ભાષાંતર છે! ક્ષણ માટે મારું હૃદય એક ધબકાર ચૂકી ગયું! મારા આનંદની કોઇ અવધિ ના રહી. વર્ષોની મારી પ્રાર્થના આખરે ફળી.

શિબિર દરમ્યાન તો આ પુસ્તકની માત્ર એક નકલ જ ઉપલબ્ધ હતી. પરંતુ જાણે અમને બધાંને હજી ભારે અચંબામાં નાંખવા હોય તેમ, પોતાના હસ્તાક્ષરવાળી એક એક નકલ, શિબિરના છેલ્લા દિવસે પૂ. માએ પોતાના સ્વહસ્તે દરેક યુવકને આપી. હે મા, મારે તો આપને આટલું જ કહેવાનું છેઃ—

અમારી જીવનભરની સંપત્તિ સમા આ અદ્દ્ભુત પુસ્તકની ભેટ આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર. કોઇ સંતના જીવનનું પુસ્તક વાંચવું એ ખરે જ મંગલકારક છે. તેમાંય પોતાના ગુરુના જીવન વિષે વાંચવું તે તેથીય વધુ મંગલમય છે. હું ખાત્રી આપું છું કે આ પુસ્તકને એક કિમતી ખજાનાની જેમ સાચવીશ અને વારંવાર તેનો પાઠ કરીશ. હે મા, હવે મારી બીજી પ્રાર્થના આવી બની રહેશે કે પૂ. ગુરુદેવની મૂળ વિસ્તૃત આત્મકથાનું અંગ્રેજીમાં ભાષાંતર થાય. હૃદય તે માટેની સંવેદના અનુભવે છે અને અપેક્ષા સેવે છે હે મા, આપનો જય હો, જય હો, જય હો.


- હૃદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યુ છે. એ માટે . . . .
  - અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
  - દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
  - Personal, Couple, Family, Teenage Counselling
- STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
- ધો. ૧૦, ૧૧, ૧૨નાં વિદ્યાથીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
- ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
- યોગ અંગે વાર્તાલાપ - પ્રવચન - વ્યાખ્યાનમાળાનુંઆયોજન.
- Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
- Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

**યોગકૈવલ્યમ્**

સ્થાપના : ૧૯૯૩

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**• ડૉ. હિમાંશુ પાઠક • શ્રીમતી હેમીના પાઠક • શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૬૮૮૧૫૩૮ ૨૬૮૮૧૧૧૮ (રહે.)૨૭૭૯૮૨૮૩ (મોબાઈલ)૯૮૨૪૦ ૪૩૦૩૩

E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'રત્નાકર, તને તારાં કુકર્મોને માટે પશ્ચાત્તાપ થયો એટલે મુક્તિ મેળવવાનું કામ સહેલું છે. પરમાત્માના નામની શક્તિ ઘણી મોટી છે. એના રટણમાં લીન બની જા, એટલે તારા બધાં જ કુકર્મો ધોવાઇ જશે ને તારા પર પરમાત્માની કૃપા થતાં તું ઋષિ-પદનો અધિકારી બનશે. એક મહાન અને ઉજ્જવળ ભાવિ તારી પ્રતીક્ષા કરતું ઊભું રહ્યું છે માટે નિરાશ ન થા. હું તને જે મંત્ર આપું છું તેનો જપ પરમાત્માનો સાક્ષાત્કાર થતાંસુધી કરતો રહેજે. તું જરૂર સફળ થઇશ ને શાંતિ મેળવીશ. મારો આશીર્વાદ છે.'

દેવર્ષિ નારદે એને રામમંત્રનો ઉપદેશ આપીને વિદાય લીધી.

એ મંત્રનું રટણ કરતો રત્નાકર એ જ સ્થળે બેસી ગયો.

વરસો વહી ગયાં અને એના શરીરની આજુબાજુ કીડીઓએ ઘર કર્યાં ત્યારે એક દિવસ એક ધન્ય ઘડીએ એને પરમાત્માનો સાક્ષાત્કાર થયો.

પરમાત્માની દૈવી વાણીએ એને જાગ્રત કરીને કહ્યું : 'જાગો ને મારું દેવદુર્લભ દર્શન કરો. તમારી તપશ્ચર્યા સફળ થઇ. તમે રત્નાકરને બદલે આજથી મહર્ષિ વાલ્મિકી કહેવાશો.'

રત્નાકરે આંખ ઊઘાડી.

એ પ્રસંગને કેટલાં બધાં વરસો વીતી ગયાં તોપણ એ જાણે



કે આજે જ બન્યો હોય અને બની રહ્યો હોય એવો તાજો લાગવા માંડયો.

આશ્રમમાં પાછા આવીને બીજે જ દિવસે એમણે રામની અદ્‌ભુત જીવનકથાને કવિતામાં આલેખવાનો આરંભ કર્યો.

સીતા તથા બીજા આશ્રમવાસીઓને માટે એ મહાકાવ્યનું શ્રવણ અતિશય આનંદદાયક અને પ્રેરક થઇ પડયું. સીતાને માટે તો એ કેવળ મહાકાવ્ય ન હતું, પોતાના જીવનનું પ્રતિબિંબ હતું. એનું શ્રવણ કરીને એ અનેરી લાગણીનો અનુભવ કરતી અને હર્ષ તથા શોકનાં આંસુ સારતી. રામનો વિયોગ પોતાની મેળે જ વધાવેલો હોવા છતાં એને સાલ્યા કરતો. કોઇ કોઇવાર તો એને સહન કરવાનું કપરું લાગતું.

એવે વખતે મહર્ષિ વાલ્મિકીની સંગતિ અને શિખામણ ઘણી ઉપયોગી થઇ પડતી ને રાહત આપતી.

એ મૃદુ સ્વરે એને સાંત્વન આપતાં કહેતા : 'પુત્રી, ચંદન ઘસાઇને બીજાને સુવાસ પૂરી પાડે છે તેમ બીજાનું કલ્યાણ કરવા માટે કેટલીકવાર આપણે પોતે ઘસાવું કે વેઠવું પડે છે. નદીઓ આરામ નથી કરતી, વૃક્ષો તપે છે, ને વરસાદી વાદળ ધરતીનો મોહ છોડીને દૂર દૂર ચાલ્યાં જાય છે. આપણા જીવનનું પણ એવું જ છે.'

સીતાની દશા એવી કરુણ હતી તો રામના અંતરમાં પણ આનંદ ક્યાં હતો?

ઉપર ઉપરથી એ શાંત લાગતા, પ્રસન્ન રહેવાનો પ્રયાસ કરતા, રાજકાજમાં મન લગાડતા, પણ એમના અંતરમાં ફરી વળેલી વિષાદની છાયા દૂર નહોતી થતી.

એમની વેદના કોઇ કોઇવાર તો પરાકાષ્ઠાએ પહોંચી જતી. એમની કાયા ફર્યા કરતી, પરંતુ એમાં આત્મા ન લાગતો.

જીવનમાં એમને કશુંક મહત્ત્વનું ખૂટતું લાગતું.

તોપણ એ શાંતિ જાળવતા.

એક દિવસ તો એમણે લક્ષ્મણ અને ઊર્મિલાને કહ્યું પણ ખરું : 'સીતાની સાચી કિંમત હવે જ સમજાય છે. એના વિના રાજપ્રાસાદ વેરાન, નીરસ, શુષ્ક સ્મશાન જેવો લાગે છે.'

લક્ષ્મણે કહ્યું : 'મેં તો તમને સીતાનો ત્યાગ કરવાની ના જ કહેલી. છતાં તમે મારું ન માન્યું. મારું મન તો રથને ચલાવતી વખતે પાછું પડતું'તું પણ તમારી આજ્ઞાની આગળ હું લાચાર હતો.'

ઊર્મિલા બોલી : 'તમારું કાળજું આવું કરુણ છે અને તમને સીતાવિના સૂનુંસૂનું લાગે છે તો સીતાની દશા તમારાવિના કેટલી બધી કરુણ હશે? એનું જીવન એને કેટલું સૂનું લાગતું હશે? મહર્ષિ વાલ્મિકીએ એને આશ્રય આપ્યો હશે તોપણ એ આનંદમાં તો નહિ જ હોય. તમારાવિના એને આનંદ હોય જ નહિ. કહેતા હો તો એને પાછી લઇ આવીએ.'

(ક્રમશઃ)

## * નિર્વેર કેમ થવાય *

કેટલાક માણસો પૂછે છે કે નિર્વેર કેમ થવાય? આપણે કહીશું કે નિર્વેર થવાનું કામ કાંઇ કઠિન નથી. એક પહેલવાનની સામે બીજા વધારે જબરા ને બળીયા પહેલવાનને મૂકો એટલે તે પહેલવાનનું કંઇ જ નહીં ચાલે. તે પોબારા ગણી જશે. અંધકાર ભારે છે, પણ પ્રકાશ કાંઇ ઓછો પ્રબળ નથી. અંધકારથી ડરવાને બદલે તેની પાસે પ્રકાશને તૈયાર કરી દો એટલે તેના પ્રભાવથી અંધકાર આપોઆપ પલાયન થઇ જશે. અંધકારનો અંત કેમ આવી શકશે એવી ચિંતા કરવાની જરૂર નથી. ઘરમાં ગંદકી વધી હોય તેને જોઇને બેસી રહેવાથી શું વળશે? સ્વચ્છતા પ્રત્યેનો પ્રેમ કેળવો ને સ્વચ્છતાનું મહત્ત્વ સમજી લો. તમારા હૃદયને પ્રેમ ને પવિત્ર પ્રવાહથી પુલકીત કરી દો. પાવન કરી દો. માનવને માટે જ નહીં, જીવમાત્ર માટેનો પવિત્ર પ્રેમ તેમાં જગાવી દો. માણસો માણસોની દયા ખાય છે, ને સેવા કરે છે, પણ બીજા જીવો પ્રત્યે પ્રેમ રાખતા નથી. સંસારના સર્વ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ જગાવો. પ્રભુ સૌમાં રહ્યા છે એમ માની સૌના તરફ પ્રેમ ભર્યો વર્તાવ કરો. સૌને પ્રેમથી બોલાવો. અને સૌની સેવા કરવા તૈયાર રહો. કોઇનું અહિત કરો જ નહીં. શરીરના સુંદર મંદિરમાં પ્રેમના પરમદેવનો અભિષેક કરી દો, એટલે વેરભાવ દૂર થઇ જશે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * ભગવાન ભક્તોને રક્ષે છે ને તારે છે. *

આ સંસારમાંથી તરી જવાનો માર્ગ એક જ છે તેને તમે ભક્તિ કહો, શરણાગતિ કે સર્વ સમર્પણ કહો, કે પ્રેમ કહો, નામ જુદાં છે. શબ્દો કે પ્રયોગો અલગ અલગ છે, બાકીના બધા ભાવ એક જ છે. તમે ઈશ્વરરૂપી માતાને પ્રેમ કરો, પછી તમારી બધી જ જવાબદારીઓનો ભાર તે ઊપાડી લેશે, ને તમારી બધી રીતે રક્ષા કરશે. તમારે કોઈ પણ જાતની ચિંતા કરવાની રહેશે નહિ. જીવનમાં પ્રલોભનો ને ભયસ્થાનોની સામે તમે નિર્ભય બની જશો. ને સમૃદ્ધિ તેમ જ સંકટમાં સલામત બનશો. સંસારનો કોઈયે જીવાત્મા આ વસ્તુની ખાત્રી કરી શકે છે. નાતજાત કે રૂપરંગના ભેદવિનાના ઈશ્વરના મંદિરમાં પૂજારી બનીને કોઈ પણ પ્રાણી પ્રવેશી શકે છે. ઈશ્વરની કૃપાથી જીવનનો ઉદ્ધાર કરી શકે છે. ગીતાના સુમધુર સંગીત-દ્વારા ભગવાને, સમસ્ત માનવજાતિને કહો કે સમસ્ત સૃષ્ટિને પોતાની કૃપાનો સંદેશ સંભળાવ્યો છે. ભગવાન કહે છે કે મારા સ્મરણમાં ને મનનમાં મગ્ન બનીને જે મારી કૃપા માટે ઝંખે છે, મારા ધ્યાનમાં મસ્ત બને છે, ને મારે માટે બીજાં બધાં કર્મોનો ત્યાગ કરે છે, કેવળ મને પ્રસન્ન કરવાના કામમાં જ મન લગાડી દે છે, તેવા પ્રેમી ભક્તોને માટે મારા દિલમાં અપાર પ્રેમ જાગી જાય છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.